આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૨૫/- • Publication 2nd of Every Month

ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪
વર્ષ : ૮૬ • અંક : ૮
સળંગ અંક : ૧૦૩૨
નવેમ્બર-૨૦૨૬

શુભ દિપાવલી

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં ગરબા મહોત્સવની ઉજવણી કરવામાં આવી તેની લાક્ષણિક તસ્વીરો










ઘરશાળા

વર્ષ : ૮૬ નવેમ્બર ૨૦૨૬ અંક : ૮ સળંગ અંક : ૧૦૩૨

અનુક્રમણિકા

૧. **નૂતન વર્ષાભિનંદન** ૫
સંપાદકીય

૨. **શિક્ષણના સાચા સંત** ૭
અશોક સોમપુરા

૩. **મોહ ન પામ્યા તે મોહક શિક્ષક** ૯
ઈશ્વર પરમાર

૪. **શ્રી જમનાલાલજીના જન્મસ્થાને** ૧૮
કાકાસાહેબ કાલેલકર

૫. **ભણતા કરે તે શિક્ષક** ૨૧
ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

૬. **શિક્ષણ અને કેળવણી - દરેક નાગરિકની જવાબદારી** ૨૫
રાજેન્દ્ર દવે

૭. **બાળપણની યાદો** ૨૭
હસમુખ જોષી

૮. **અભણ સરપંચે જગાવી શિક્ષણની ભૂખ** ૩૦
ડૉ. પ્રવિણ મકવાણા

૯. **કેળવે એ કેળવણી** ૩૩
ડી. એચ. અમીન

૧૦. **બાલ ઉછેર : શિસ્તની ચાબુક જરૂરી** ૩૪
તખુભાઈ સાંડસુર

૧૧. **ભગવાનની લીલા!...** ૩૬
ડૉ. આઈ. કે. વીજળીવાળા

૧૨. **વાંચ્યું અને વહેંચ્યું (પુસ્તક પરિચય)** ૩૯
હેતલ મહેતા

૧૩. **શિક્ષણ સમાચાર** ૪૦
અશોક સોમપુરા

સ્થાપક તંત્રીઓ

હરભાઈ ત્રિવેદી

રઘુભાઈ નાયક, જશીબહેન નાયક

તંત્રીઓ

જ્યોતીન્દ્રભાઈ દવે

સજુભા ઝાલા

સહતંત્રી

અશોકભાઈ સોમપુરા

વ્યવસ્થા અને સંકલન

કે. ડી. પટેલ

ભૃગેશ તપોધન

પરામર્શન

અમિતાબહેન પાલખીવાલા

ઘરશાળા કાર્યાલય સરનામું

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ

સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭

મોબાઈલ : ૯૨૨૭૭૫૨૫૨૩, ૮૩૪૭૯૦૦૭૯૨

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છાપનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

email : gharshala@saraswatividyamandal.org

website : www.saraswatividyamandal.org/publication

લવાજમ અંગેની માહિતી

લવાજમ	ભારત		પરદેશ	
વાર્ષિક	₹	૨૨૫	₹	૨૨૫૦
ત્રિવાર્ષિક		૬૦૦		૬૦૦૦
પાંચ વર્ષ		૧૦૦૦		૧૦૦૦૦

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિકના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઈન/ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર-૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.

ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :
બેંકનું નામ : બેંક ઑફ બરોડા
ખાતા નંબર : ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭
ખાતાનું નામ : ઘરશાળા માસિક
આઈ.એફ.એસ.સી. કોડ : **BARB0SARASP**. (Fifth character is zero)

નૂતન વર્ષાભિનંદન

સંપાદકીય

- અશોક સોમપુરા

દીપોત્સવીના આ પાવન પ્રસંગે અમે સૌ વાંચકો અને શુભેચ્છકોને હૃદયપૂર્વક યાદ કરી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

આજે દેશ અને વિશ્વ અનેક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. ચારેકોર દરેક ક્ષેત્રમાં નાના-મોટા અંધકારે પ્રવેશ કર્યો છે. ત્યારે પ્રકાશ સર્વત્ર ગતિમાન થાય એ ખૂબ જરૂરી છે. મનુષ્યએ વિજ્ઞાનજગતમાં પ્રવેશ કરી બધી જ સિદ્ધિઓ, સુખાકારી અને માહિતીના ઢગલા ખડકી દીધા છે. પરંતુ આ તમામને અવલોકવાની અને ઓળખવાની દૃષ્ટિ કેળવવાની સક્રિયતા તરફ દુર્લક્ષ્ય સેવ્યું છે. સાધનો અને સગવડની ભરમાર વધી છે. પરંતુ આ બધું ભોગવવા માટે તેની પાસે શાંતિ નથી, કે તેના ઉકેલ માટેનું અજવાળું તેની પાસે નથી. આ બધાની સાથે યુદ્ધો, આતંકવાદ, ત્રાસવાદ અને હિંસાએ માઝા મૂકી છે. ઉદ્વેગ અને અજંપાની આ સ્થિતિમાં માણસ સારા અને સાચા મૂલ્યો તેમજ નૈતિક જીવનની રીતિ-નીતિ મળે અને સર્વનું જીવન પ્રકાશમય થાય તે માટે વલખા મારી રહ્યો છે. આવા વિકટ સંજોગોમાં સૌની ઉત્તમ અપેક્ષાઓ ફળીભૂત થાય એવી અમારી સૌને નવા વર્ષની શુભેચ્છાઓ છે.

આપણું નવું વર્ષ સારું જાય એવી ભાવના અને અપેક્ષા સૌના મનમાં હોય જ છે. આ ભાવના સાર્થક કરવા સૌના સુખમાં આપણે સમજણપૂર્વકનો સહયોગ અને સૌની સુખાકારીમાં આપણે નિમિત્ત બનીએ એ ઈચ્છવા જોગ છે. ગયા વર્ષની ભૂલો, કટુતા અને ખરાબ વર્તન-વ્યવહારનો ત્યાગ કરી જીવનમાં જે કાંઈ શ્રેષ્ઠ છે એની પસંદગી કરી તેને નવા વર્ષમાં આચરણમાં મૂકીએ તે સાંપ્રત સમયનો તકાજો છે. જે સૌને સુખાકારીના પ્રકાશમાં જરૂર પ્રવેશ કરાવશે.

આપણે દર વર્ષે સંકલ્પ તો કરીએ છીએ. પરંતુ ગયા વર્ષે કરેલા શુભ સંકલ્પોનો અમલ આપણે કરી શક્યા છીએ? એ પ્રશ્ન આપણી જાતને પૂછવો જરૂરી છે. જો એમ થાય તો આવનારા વર્ષનું અજવાળું આપણને વધારે વિકાસની દિશામાં ગતિ કરાવશે એ નિર્વિવાદ છે.

પ્રકાશ :

આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.

ઋગ્વેદ - ૧ - ૮૯ - ૧..... એ મંત્રને પણ સાર્થક કરશે.

અંતમાં દીપોત્સવીના આ શુભ અવસરે ''ઘરશાળા'' માસિકના વાંચકો, શુભેચ્છકો, લેખકો અને પરદેશમાં વસતા પરિવારોને દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ. આવનારું નવું વર્ષ સમૃદ્ધિમય, સુખી અને નિરોગી બની રહે તેવી પ્રભુને પ્રાર્થના સહ શુભેચ્છા.

નૂતન વર્ષાભિનંદનની સાથે સાથે...

સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત દુઃખભાગ્ ભવેત્॥

❀❀❀

શિક્ષકોને સંબોધન/ગઝલ

તારી ઉંમરના ત્રાજવે ના તોલ; એ બાળક છે
ફૂલનો દરવાજો હળવેથી ખોલ, એ બાળક છે

સૂર તાલ લય એનો પોતાનાં સહજ છે
વ્યર્થ તું પીટે છે તારો ઢોલ, એ બાળક છે

મૌન રહીને તું એને સમજવા કોશિશ કર
ખૂટી જશે તારો શબ્દભંડોળ, એ બાળક છે

તારાં વર્તન-વ્યવહારને જ એ આદર્શ માને છે
નાહક તું ખોલે છે તારી પોલ, એ બાળક છે

નાજુક ને નમણું હૃદય તારી અંદર પણ છે
વ્હાલભર્યા બે શબ્દ ભીતરથી બોલ, એ બાળક છે

- રામુ પટેલ ડરણકર

❀❀❀

શિક્ષણના સાચા સંત

(શ્રી નાગજીભાઈ દેસાઈ - શ્રી શાંતા તાઈ)

- અશોકભાઈ સોમપુરા

શૈક્ષણિક કાર્યોને ઉજાગર કરનાર કેટલાક કર્મઠ શિક્ષક દંપતિના કાર્યોનો પરિચય આપતી શ્રેણી ''ઘરશાળા'' માસિક સપ્ટેમ્બર-૨૦૨૬ માસના અંકથી શરૂ કરી છે. આવા સમર્પિત શિક્ષક દંપતિના જીવન અને કવનની શ્રેણીનો ત્રીજો લેખ અત્રે પ્રસ્તુત છે. **– તંત્રી**

દૃશ્ય-૧

રેલવે સ્ટેશન પર થોડીવારમાં જ ભારે અવાજ કરતી ટ્રેન આવી અને ઊભી રહી. અનેક જાતના કોલાહલથી રેલવે સ્ટેશન ગુંજી ઊઠ્યું. સમય પસાર થયો. પેસેન્જરની અવરજવર પૂરી થઈ. ગાડી ઉપડી. સ્ટેશનમાં સાવ નીરવ શાંતિ સ્થપાઈ ગઈ. પણ શું ખરેખર શાંતિ હતી? ના. ના. એક સાવ ગરીબ અને ભિખારી જેવો લાગતો અનાથ છોકરો ટુંટિયું વાળી બાંકડા પર બેઠો હતો. તેણે બે દિવસથી કંઈ ખાધું પણ ન હતું. કહેવાય છે કે નિરાધાર માણસને તો ઉપર આભ અને નીચે ધરતી હોય છે. આ છોકરાને તો જાણે કે એ પણ ન હતું, પણ એવામાં જ એક ચમત્કાર થયો. એક પુરુષની નજર એના પર પડી. એમનું હૃદય દ્રવી ઊઠ્યું. આ છોકરાને જોઈ એમનો જીવ દુઃખી થયો. એમણે એ છોકરાને તેડી લીધો. એ પુરુષ એ અનાથના નાથ બન્યા.

દૃશ્ય-૨

ગામમાં એક દુઃખદ બનાવ બન્યો. એક ગરીબ પરિવારના પતિ-પત્ની માંદગીમાં ગુજરી ગયા. આંધળા ડોશીમાને માથે નાના ભાઈ-બહેનને ઉછેરવાની જવાબદારી આવી. માટીનું ઘર અને ઘેટાં-બકરાં વેચીને પણ મરનારની ઉત્તરક્રિયા કરવી એવું સમાજનું દબાણ આવ્યું. ડોશી કરગર્યા.. પણ કોઈએ સાંભળ્યું નહિ. એક નાનકડા તરૂણથી આ જોઈ ન શકાયું. ઉત્તરક્રિયાની રસોઈમાં પાણી રેડવાની યોજનામાં આ તરૂણ ઝડપાયો અને માર ખાધો. આવા ખરાબ રિવાજથી આ તરૂણને ભાગી છૂટવાનું મન થયું.

●●●

આ તરૂણ અને એ પુરુષ એટલે સુરેન્દ્રનગરના કર્મઠ શિક્ષણ ભેખધારી સ્વ. શ્રી નાગજીભાઈ દેસાઈ. જેમણે શિક્ષણમાં જીવન સમર્પિત કરી, શિક્ષણકાર્યને ઉજાગર કરી બતાવ્યું. તેમની જીવન કારકિર્દી કંઈક આવી હતી.

સુરેન્દ્રનગરના મૈત્રી વિદ્યાપીઠના સ્થાપક શ્રી નાગજીભાઈ દેસાઈનો જન્મ માણસા તાલુકાના માણેકપુર ગામમાં થયો હતો. રબારી સમાજના સંસ્કારી કુટુંબમાં તેમની માતાએ તેમનામાં માનવીય સંવેદના અને નીતિના સદ્‌ગુણોથી ઉછેર કર્યો. તેમને સમાજની અંધશ્રદ્ધા અને કુરિવાજોની ભારે સુગ હતી. આથી તેમણે ઘરબાર છોડ્યા. દુઃખ અને ભૂખ તરસ વેઠ્યા. કુલી અને ઘરઘાટી તરીકે કામ

કર્યું. પોતાના પુરુષાર્થને મજબૂત કર્યો. ભણવા માટે પાટણ, મુંબઈ, ભાવનગર વગેરે જગ્યાએ તેમણે રઝળપાટ કરી.

ભાવનગરના અભ્યાસ દરમિયાન મહારાષ્ટ્રના બોરડી ગામેથી તારાબેન મોડકની સંસ્થાનો પ્રવાસ આવ્યો. આ પ્રવાસમાં છોકરીઓ પણ હતી. એ પ્રવાસમાં મદદ કરવા માટેની જવાબદારી નાગજીભાઈને સોંપાઈ. એ પ્રવાસમાં એક યુવતી હતી. તે ઊંચી, ગોરી અને ચાલાક હતી. એ યુવતીનું નામ શાંતાતાઈ હતું. એ યુવતીએ બાળ મનોવિજ્ઞાન પર છટાથી ભાષણ આપ્યું. એ જોઈ નાગજીભાઈ આકર્ષિત થયા. પ્રવાસ પૂરો થયો. શિહોર ગામનો વખણાતો પેંડો શાંતાતાઈએ નાગજીભાઈને આપ્યો. આ પેંડાની આપ-લેએ પરિચયમાં વધારો કર્યો અને સમાજના વિરોધ વચ્ચે બન્નેએ લગ્ન કર્યા.

આ જુગલ જોડીએ પોતાની સંસ્થા શરૂ કરવાનું નક્કી કર્યું. પહેલા તો વતનમાં જ ગ્રામભારતી કરી. ત્યાં કેટલાક અયોગ્ય રીત-રિવાજો તેમને ફાવ્યા નહિ અને સુરેન્દ્રનગર આવ્યા. ત્યાં અનાથાશ્રમ સંભાળ્યો. શ્રી નાગજીભાઈએ દાળમિલમાં બાલાશ્રમની સ્થાપના કરી. જ્યાં મા-બાપથી વિખુટા પડેલા-કુટુંબથી છૂટા પડેલા બાળકો માટેની સંસ્થા - બાલાશ્રમ, આ બાળકોનો સહારો બની. આ તેમની એક આગવી ઓળખ હતી. ધીરે ધીરે મૈત્રી વિદ્યાપીઠ ઊભી કરી. સમય પસાર થતો ગયો. ગાંધીજીનું વિચાર વાવેતર ઊગ્યું. અનેક અનાથ બાળકોના માવતર બનવાની જવાબદારી લીધી અને તેઓ અનાથ બાળકોના મા-બાપ બન્યા.

નવી પેઢીમાં સામાજિક ચારિત્ર્ય અને રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ કરવાના શુભભાવ સાથે મૂલ્યલક્ષી સંસ્થા સ્થાપી. તેમના આ સમાજ ઉત્કર્ષના કાર્યોમાં જીવનસાથી શ્રીમતી શાંતાતાઈનો સિંહ ફાળો રહ્યો. કન્યા કેળવણીને પણ પાયાનું કામ ગણતાં નાગજીભાઈ દેસાઈને સમાજશ્રેષ્ઠીઓનો ઉમદા સહયોગ મળ્યો. ટાંચા સાધનો સાથે ૧૯૭૫માં શરૂ કરેલી મૈત્રી વિદ્યાપીઠ સંસ્થામાં પી.ટી.સી., પ્રિ પી.ટી.સી. અને બી.એડ્. એમ ત્રણ તાલીમી કૉલેજો તેમણે શરૂ કરી. એમના વધારાના પસંદગીના વિષયોમાં બાળવાર્તાઓ, બાલરમતો અને બાળ ગીતો મુખ્ય હતા. માનવી કેન્દ્ર સ્થાને હોય એવી ઉત્તમ શૈક્ષણિક સંસ્થાઓ તેમણે શરૂ કરી. શિક્ષણ દ્વારા સામાજિક ક્રાંતિના મૂળ વિચારોની કદરરૂપે અનેક જાહેર જીવનની સંસ્થાઓએ નાગજીભાઈના વિચારોનું સન્માન કર્યું હતું. તેમના જીવનસાથી શ્રીમતી શાંતાબેન દેસાઈ (તાઈ)એ સંઘર્ષથી સફળતા સુધી સાથે રહી તેમના વિચારોને પ્રોત્સાહિત કર્યા હતા. શાંતાતાઈ બાળકેળવણી અને ગાંધી વિચારને વરેલા હતા.

શ્રી નાગજીભાઈના દરેક કાર્યમાં તેમની પત્ની શ્રી શાંતાતાઈએ સમજણપૂર્વક સાથ આપ્યો હતો. તેઓ એકેએક બાળકની પૂરતી કાળજી લેતા. તેમની સાથે વહાલથી વાતો કરતા. કોઈ માંદુ પડે તો એક માતાની જેમ ખડે

(અનુસંધાન પૃષ્ઠ ૩૫ ઉપર)

મોહ ન પામ્યા તે મોહક શિક્ષક

- ઈશ્વરભાઈ પરમાર

એમની પ્રસિદ્ધ લઘુકથાઓમાંની એક આ પણ ભાવકના ચિત્તમાં ભજવાયા કરે તેવી સંવેદનાથી સભર કૃતિ છે :

ધ્વજદિન

સુમંતભાઈએ કેલેન્ડરનું પાનું ફાડ્યું.

સાતમી ડિસેમ્બર ! ધ્વજદિન!

એમના ચિત્ત પર એક ઉદાસી ફરી વળી. આમ તો રિટાયર થયે સાત મહિના વીતી ગયા હતા પણ આજ પહેલી વાર એમને નિવૃત્તિનો અફસોસ થયો. નિત્યકર્મથી પરવાર્યા. એ ઉપર ગયા, નીચે આવ્યા, વરંડામાં ઊભા રહ્યા, મકાન પાછળના બગીચામાં ગયા, ત્યાંથી હીંચકે બેઠા, છાપું ઉઘાડ્યું, પાનાં ફેરવીને બાજુએ મૂક્યું, વળી ઉપર ગયા, નીચે આવ્યા... ચેન પડતું નહોતું.

અગિયાર વાગ્યા એટલે આરામખુરશીમાં એ લાંબા થયા. આંખો બંધ કરી... સ્કૂલ શરૂ થવાનો બેલ કાનમાં ધણધણી ઊઠ્યો... આજે ધ્વજદિન!

શાળામાં સ્વાતંત્ર્યદિન, પ્રજાસત્તાકદિન, શિક્ષકદિન વગેરે દિવસોની ઉજવણી એ ગૌરવપૂર્વક કરાવતા. પણ ધ્વજદિનની ઉજવણી માટે એમને વિશેષ મમત્વ હતું. એ દિવસ એમના માટે એક ધાર્મિક પર્વ - શો બની રહેતો.

પ્રાર્થના-સભામાં બાળકો આગળ દેશ માટે પ્રાણાર્પણ કરનાર સૈનિકોની વાત એ કહેતા. ચીની આક્રમણ વખતે હિમાલયના બર્ફીલા પહાડોમાં હતાશાજનક વાતાવરણમાં ખપી ગયેલા દેશના જવાનોની વાત કરતાં એમની આંખ ભીની થઈ જતી.

સભાને અંતે લશ્કરી મુદ્રાવાળા નાના નાના ધ્વજ એ પોતે જ બાળકોની છાતીએ લગાવતા. યુદ્ધમાં વીરગતિ પામેલા અથવા ઘવાઈને અકાર્યક્ષમ બનેલા સૈનિકોના કુટુંબ માટે એ ફાળાની અપીલ કરતા. બાળકો મર્મવેધક ઉમળકાથી ફાળો આપતાં અને મોટી રકમ એકઠી થઈ જતી.

સભાને અંતે એ પરમ સંતોષની લાગણી અનુભવતા.

આજ નિવૃત્તિ પછીનો પ્રથમ ધ્વજદિન હતો. પોતે અહીં હતા. એમના કાનમાં શાળાનો ઘંટ સતત રણકાર કરી રહ્યો હતો. પણ સામે બાળકો નહોતાં, પ્રાર્થના-સભા નહોતી, નાનકડા ટેબલ ઉપર ધૂપનાં શ્વેત વલયો નીકળતાં નહોતાં...

એ ઊભા થયા. વરંડામાં આવ્યા. સામેના મકાનના વરંડામાં ચંપકલાલ ઊભા હતા. એમણે ચંપકલાલને કહ્યું : ''આજ ધ્વજદિન!

ખબર છે ચંપકભાઈ?''''ના ભૈ આપણે એવું-તેવું શું જાણીએ? કયો દિન કહ્યો, તમે?''

''ધ્વજદિન!'' કહી સુમંતભાઈ અંદર ચાલ્યા ગયા અને બબડ્યા : ''એમણે પ્રાણ આપ્યા આ લોકો માટે, જે...''

એ અટકી ગયા. ફરીથી ખુરશીમાં લંબાવ્યું. એમની બેચેની વધી રહી હતી.

ઉપરની લઘુકથાના લેખક શ્રી મોહનલાલ પટેલે સુમંતભાઈ જેવા સંનિષ્ઠ શિક્ષકથી માંડીને ઊખડ્યાં ઝાડ જેવાં જીવકોરમા જેવાં સેંકડો પાત્રો સર્જીને ભાવકના ચિત્તમાં રમતાં કર્યાં છે; એટલું જ નહીં શિક્ષકને નાતે, વિદ્વાન સાહિત્યકાર ભોળાભાઈ પટેલ, ચિંતક-સર્જક પ્રકાશ ગજ્જર, સિદ્ધ વાર્તાકારો રમેશ ત્રિવેદી, ભગવત સુથાર, દિલીપ રૉય જેવા સર્જકોનું ઘડતર કર્યું છે.

પાટણના વતની શ્રી મોહનભાઈનો જન્મ તા. ૩૦-૪-૧૯૨૭ના દિવસે થયો હતો. એમના પિતાજી બાભાઈદાસ મુલકી નોકરી છોડીને શિક્ષક થયેલા. જમીન-જાગીર પણ સારા પ્રમાણમાં. ભાઈઓમાં સૌથી નાના એટલે મોટાભાઈઓ જે પુસ્તકો ભણી ગયા હોય તે મોહનભાઈ રસપૂર્વક વાંચે.

શિક્ષકો અંગેની વાત નીકળતાં મોહનભાઈ અભ્યાસકાળના સોનેરી દિવસો સંભારતાં કહે જ કહે : ''ધોરણ પાંચથી સાતના ગાળામાં શિક્ષક રામલાલ દવે : વિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી શોધો વિશે એમને કહેતા. ઊગેલા ઘઉંના મૂળ એમણે માઈક્રોસ્કોપ દ્વારા બતાવેલાં. આઠમા ધોરણમાં શિક્ષક અધ્યારુસાહેબ તો અંગ્રેજી શબ્દોનાં શક્ય હોય ત્યાં લૅટિન મૂળ આપતા. હજુ યાદ છે : કંપેનિયન માટે તેમણે શીખવેલું - કોન ટુ ગેધર ઍન્ડ પેનસ બ્રેડ, ધોઝ હુ ઈટ બ્રેડ ટુ ગેધર...આવા તો અનેક... દસમા ધોરણમાં, જાણીતા ઇતિહાસ-સંશોધક રામલાલ મોદીના અગાધ જ્ઞાનનો લાભ મળેલો... આમ તો લગભગ દરેક શિક્ષક વિદ્વાન અને નિષ્ઠાવાન. ઘડતરના એ દિવસો સોનેરી હતા...''

આવા સોનેરી દિવસોના પ્રકાશમાં મોહનભાઈ ૧૯૪૭માં બી.એ. થયાં. શહેરમાં વસવાની તક અને અધ્યાપકના દરજ્જાનો મોહ એમને ઘેરી જ વળતો હતો. ત્યાં અવિકસિત વિસ્તારમાં શિક્ષક તરીકેની કારકિર્દી કેવી સામેથી શોધતી આવી! બન્યું એવું કે-

ઈ.સ. ૧૯૫૦ની એક સાંજે મોહનભાઈના કોચરબના નિવાસસ્થાને એમના એક મિત્ર મળવા આવ્યા. થોડી ઔપચારિક વાતચીત પછી મિત્રે મોહનભાઈની સામે એક પોસ્ટકાર્ડ ધર્યું.

''કોનું છે?'' મોહનભાઈએ પૂછ્યું.

''વાંચો. બધું સમજાઈ જશે.''

કડી (જિ. મહેસાણા)ની જાણીતી શૈક્ષણિક સંસ્થાના આચાર્યશ્રી નાથાલાલ દેસાઈએ આ મિત્ર ઉપર લખેલો કાગળ હતો. એમણે એમની સંસ્થા માટે એક સારા ભાષાશિક્ષકની માગણી કરી હતી.

''શું કહો છો?'' જવાબ માગતા હોય તેમ મિત્રે પૂછ્યું.

''શિક્ષકની શોધમાં મારી સહાયની જરૂર હોય તો કહેજો.''

''હું તો 'તમે જાઓ' એવું કહેવા આવ્યો છું. દેસાઈ સાહેબ પણ શું જાણે કે રામભાઈએ એક શિક્ષક મોકલ્યો હતો?''

આવી અણધારી દરખાસ્તને હજુ તો મોહનભાઈ એક હળવો સંવાદ માનતા હતા ત્યાં રામભાઈએ ફરી પૂછ્યું, ''શું કહો છો?''

અત્યારે જાણીતી એબટ લેબોરેટરીના પ્લાન્ટ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા રામભાઈ, સર્વ વિદ્યાલય, કડીના એક વખતના તેજસ્વી વિદ્યાર્થી. સંસ્થાના પ્રેમી. નાથાભાઈના વહાલા શિષ્ય. મોહનભાઈના ઘનિષ્ઠ મિત્ર. હવે આ કે તે નિર્ણય જણાવવો જ રહ્યો.

મોહનભાઈએ કહ્યું, ''અમદાવાદની ન્યૂ હાઈસ્કૂલ ગુજરાતની મોટામાં મોટી સ્કૂલ છે. સાહિત્ય મારા રસનો વિષય છે. અમદાવાદ એ રસના વિકાસ માટેનું ઉત્તમ ક્ષેત્ર. અમદાવાદ બહાર જાઉં એટલે વિકાસ રૂંધાયા વિના ન રહે. લોકો અમદાવાદ આવવાની કોશિશ કરે છે અને હું ગામડે જાઉં...''

''તમારે કેવી સ્કૂલમાં જવાનું છે એ જાણો છો?''

''હા, જાણું છું. એક ઘણી જાણીતી સંસ્થા છે.''

''તમે એના વિષે પૂરું નથી જાણતા. એ ગૂજરાત વિદ્યાપીઠના ધોરણે ચાલનારી સંસ્થા છે. ગાંધીજીએ સ્વેચ્છાએ સંસ્થાની મુલાકાત લીધી હતી અને સંસ્થાનું કામ જોઈ ઘણા પ્રસન્ન થયા હતા. આઝાદીની લડત વખતે આ સંસ્થાના અર્ધા શિક્ષકો જેલમાં હતા અને વિદ્યાર્થીઓ પણ ચળવળમાં ઘણા જ સક્રિય હતા. તમે ત્યાં જાઓ એવું મારું તમને પ્રેમભર્યું દબાણ છે...''

રામભાઈને વધારે દબાણ કરવાની જરૂર ન પડી. મોહનભાઈ કડી જવા સંમત થયા.

વળી રામભાઈએ એક નવી વાત મૂકી : ''કદાચ તમારે વિદ્યાર્થી-આશ્રમનું ગૃહપતિપદ પણ સ્વીકારવાનું થાય.''

મોહનભાઈએ હસીને કહ્યું : ''તમે મારા પહેરવેશ સામે તો જુઓ...''

કાપડબજારમાં જે ઉત્તમ ગણાય એવા કાપડનો પહેરવેશ મોહનભાઈ પહેરતા. એ વખતે ટેરેલીન કે ટેરીકોટનનું કાપડ અસ્તિત્વ ધરાવતું ન હતું. શોખીન લોકો સાસ્કીન, રેયોન, સાટીન, ડક વગેરે પેન્ટ સિવડાવતા. મોહનભાઈ સૂટમાં જ સજ્જ થઈને નોકરી ઉપર જતા. એટલે એમણે પોતાના પહેરવેશ સંબંધમાં રામભાઈનું ધ્યાન દોર્યું અને કહ્યું : ''ત્યાં તો ગૃહપતિ ખાદી જ પહેરતા હશે ને?''

''એવું ખરું.''

''ધોતિયું અને ઝભ્ભો, કેમ?''

''હા.''

''ગૃહપતિ થવાનું આપણું કામ નહીં, શિક્ષકનો વ્યવસાય પૂરતો છે.''

''પણ મને ખાતરી છે કે ત્યાં જઈને તમે બદલાઈ જશો.''

''ક્યારથી જવાનું છે?''

''જઈ શકો તો આવતી કાલથી જ.''

મોહનભાઈએ કડી જવાની વાત કરી એટલે ન્યૂ હાઈસ્કૂલના મેનેજર શ્રી એચ.બી.કાપડિયા પ્રેમપૂર્વક નારાજ થયા; કડીની સંસ્થામાં જતા હોવાથી રાજીપો પણ બતાવ્યો. શાળાના પ્રત્યેક વર્ગના વિદ્યાર્થીઓએ ફૂલહાર કરીને રડતી આંખે વિદાય આપી.

કડીમાં મોહનભાઈના ગયા પછી શાળામાં ભાષાશિક્ષણમાં જાણે એક નવી ચેતના આવી. વિવેચનલક્ષી અભ્યાસ અને પરદેશી સાહિત્યના તુલનાત્મક પરિચય દ્વારા વિદ્યાર્થીઓને નવી દિશાઓ ઉઘડતી હોય એવો અનુભવ થવા લાગ્યો. મોટા ભાગનાં દૃશ્ય-શ્રાવ્ય સાધનો મોહનભાઈ ચલાવી જાણે. આકાશવાણીના કાર્યક્રમોનો લાભ અપાવે.

વિદ્યાર્થીઓને તો શિક્ષણમાં લાભ થયો પણ ખુદ મોહનભાઈને કડીની સંસ્થામાં એક ખજાનો જ મળી ગયો, એ હતો શાળાનું પુસ્તકાલય. તેમાં ઊંચી ગુણવત્તાવાળાં પંદર હજાર જેટલાં પુસ્તકો હતાં. મોહનભાઈએ તેને વધુ સમૃદ્ધ કર્યું. પુસ્તકાલય માટે એક સ્વંતત્ર અને આલિશાન મકાન પણ બંધાયું.

કડી ગયા પછી એકાદ વર્ષ પણ નહીં વીત્યું હોય અને આચાર્યશ્રી નાથાભાઈએ એમને ગૃહપતિપદ સંભાળવાનું કહ્યું. એ વખતે વિદ્યાર્થી-આશ્રમમાં સાડા ત્રણસો વિદ્યાર્થીઓની જવાબદારી ત્રણ ગૃહપતિઓએ મળીને સંભાળવાની હતી. કામ ઘણું જવાબદારીભર્યું હતું પણ મિત્ર રામભાઈએ કહ્યું હતું એવું જ થયું હતું. કડી આવ્યા પછી મોહનભાઈ સંસ્થામય બનવા માંડ્યા હતા.

એમણે ગૃહપતિપદ સ્વીકાર્યું. પેલો અંગ્રેજી પહેરવેશ છોડ્યો. ખાદી અપનાવી. જે નિયમો છાત્રો માટે હતા એ સઘળા એમણે ચુસ્તપણે પાળવા માંડ્યા. સવારે પાંચ વાગે છાત્રોને ઊઠવાનો સમય થાય એ પહેલાં એ ઊઠી જતા, અને રાત્રે છાત્રો સૂઈ જાય એ પછી જ એ સૂવા જતા. એમના અભ્યાસ અને આરોગ્યની સંભાળ લે. માંદા વિદ્યાર્થીઓની માવજત જાતે કરવાનો આગ્રહ રાખે.

ક્યાંક આગ લાગી હોય, કોઈનું ઢોર કૂવામાં પડી ગયું હોય, ક્યાંક પૂરનાં પાણી ફરી વળ્યાં હોય ત્યાં ઉત્સાહથી તરવરતા છાત્રોની સાથે મોહનભાઈ જે તે સ્થળે પહોંચી જતા. છાત્રોને આ રીતે સમાજસેવાની દીક્ષા અનાયાસ મળી જતી.

એક વખત રાત્રિના દસેક વાગ્યાના સુમારે મોહનભાઈ એમના સાથી ગૃહપતિ સાથે કાર્યાલયમાં બેઠા હતા. એકાએક ધરતીકંપના હળવા આંચકાનો અનુભવ થયો. વીજળીની ત્વરાથી એ ઊભા થઈને ભાગ્યા મોટા છાત્રોની ઓરડીઓ તરફ. જે જાગતા હતા એમને હુકમ છોડ્યો : 'નાના વિદ્યાર્થીઓ ઊંઘે છે એમને

જગાડી, ખેંચી કે ઉપાડીને બહાર મેદાનમાં લાવો.' પોતે પણ અર્ધા-ઊંઘતા અર્ધા-જાગતા વિદ્યાર્થીઓને ખેંચી, ઉપાડીને ચોગાનમાં લાવવા માંડ્યા. આ કુદરતી આફત તોળાઈ રહી હતી ત્યારે એમનાં પોતાનાં બે બાળકો અને પત્ની ઘરમાં જ સૂતેલાં હતાં !

છાત્રો માટેના એમના પ્રેમનો પ્રતિભાવ પણ કેટલો પ્રબળ! તેમના અમેરિકાના પ્રવાસ વખતે એમના એક ભૂતપૂર્વ વિદ્યાર્થીએ સંસ્થાના વિકાસ માટે પચાસ હજારનું દાન આપ્યું. દેશમાંથી આવનાર કોઈને પણ દાદ ન દેનાર આ ભાઈએ કશા અચકાટ વગર આટલી મોટી રકમ શી રીતે આપી દીધી?

મોહનભાઈએ પેલા વિદ્યાર્થીના પિતાને આ વાત કહી ત્યારે એમણે કહ્યું : ''ભૈ, તમે જઈને ઊભા રો' ને મોં ફેરવે? કદી ન બને. બોર્ડિંગમાં એ માંદો હતો ત્યારે હૉસ્પિટલમાં તમે એના ખાટલા આગળ ઊભા પગે રહેતા હતા... એ બધું એ ભૂલી જાય? તમારો બોલ એ કદી ન ઉથાપે.''

કડીની સંસ્થામાં એમની પાંત્રીસ વર્ષની (૧૯૫૦-'૮૪) સેવાઓમાં આવી અસંખ્ય ઘટનાઓ એમની સ્મૃતિમાં સુવાસે છે.

ઈ.સ. ૧૯૫૫માં એમણે બી.એડ્.ની પરીક્ષા યુનિવર્સિટીમાં ત્રીજા સ્થાને આવીને પસાર કરી. એ.જી. ટીચર્સ કૉલેજમાં જોડાવા માટે પ્રિન્સિપાલ એલ. આર. દેસાઈનું કહેણ આવ્યું હતું. પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સંસ્થાઓની સેવાઓ ખાતર એમણે એ તક વિનયપૂર્વક નકારી.

ઈ.સ. ૧૯૬૦માં એમની કારકિર્દીમાં એક વળાંક આવ્યો. એમણે ભાષાઓનો વિષય લઈને અનુસ્નાતક થવાનો વિચાર કર્યો. એક વર્ષનો શનિ-રવિ વિસનગરની કૉલેજમાં જઈને અભ્યાસ કર્યો. પણ પછી અભ્યાસમાં પૂર્ણ સમય આપવા માટે એમણે નોકરીમાં રાજીનામું આપ્યું અને અમદાવાદમાં ભાષાભવનમાં પ્રવેશ મેળવ્યો. અહીં એ ઉમાશંકરના પ્રિય વિદ્યાર્થી બનીને રહ્યા. એમ.એ.ની પરીક્ષા આપ્યા પછી હજુ તો પરિણામ પણ જાહેર થયું નહોતું અને એક દિવસ પ્રસિદ્ધ કેળવણીકાર શ્રી આર. એસ. ત્રિવેદીનો સંદેશો આવ્યો : 'મળી જાઓ.'

રાત્રે મોહનભાઈ એમને મળવા ગયા. ત્યાં પ્રકાશ કૉલેજના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી જેઠાલાલ શાહ પણ બેઠેલા હતા.

પ્રથમ થોડી ઔપચારિક વાતો થયા બાદ જેઠાભાઈના ઈશારાથી શ્રી આર. એસ. ત્રિવેદીએ વાત છેડી : ''તમારે પ્રકાશ કૉલેજમાં જોડાવાનું છે. તમે ઑર્ડર લઈ લો.''

એજ્યુકેશન કૉલેજમાં જોડાવાની વાત જાણી મોહનભાઈ જરા મૂંઝાયા. એમણે કહ્યું, ''મારું ધ્યેય તો આર્ટ્સ કૉલેજમાં જોડાવાનું છે.''

''તમારી ઇચ્છા પ્રમાણે જ થશે.''

''પણ પરિણામ જૂનમાં આવશે.''

''હરકત નહીં, અત્યારે તમે એજ્યુકેશન

કૉલેજની નિમણૂક લઈ લો. પછી ઘટતો ફેરફાર કરી લઈશું.''

આમ મોહનભાઈને અધ્યાપક તરીકેની નિમણૂક અપાઈ... પણ તેનો અમલ થવા ન પામ્યો!

આ દરમિયાન કડી સંસ્થામાં એક જબરી ઘટના બની. શ્રી નાથાલાલ દેસાઈએ સંસ્થામાંથી રાજીનામું આપ્યું. વિદ્યાર્થીવર્ગમાં એક ભારે હલચલ મચી ગઈ. કેટલાક વિદ્યાર્થીઓ સંસ્થા છોડીને જવાનું વલણ દાખવવા લાગ્યા. સંસ્થામાં કટોકટી ઊભી થઈ. આ કટોકટી નિવારવાના ઉપાય અંગે સંસ્થાના કાર્યકરો મૂંઝવણમાં ઊભા હતા. એ વખતે ખુદ નાથાભાઈએ માર્ગ સૂચવ્યો : ''મોહનભાઈને આચાર્યપદે લાવો તો બધું શમી જશે. વિદ્યાર્થીઓને એમના માટે ઘણો પ્રેમ છે.''

કડીના કાર્યકરોએ મોહનભાઈનો સંપર્ક સાધ્યો. મોહનભાઈની આગળ વળી એક મોટો પ્રશ્ન આવીને ઊભો રહ્યો. કૉલેજની નોકરીમાં સાહિત્ય-પ્રવૃત્તિ માટે ઘણો અવકાશ હતો. અમદાવાદમાં રહીને ઘણું કામ થઈ શકે એમ હતું. એક બાજુ કૉલેજની કારકિર્દીની મહત્ત્વકાંક્ષાઓ હતી અને બીજી બાજુ પોતાને જે સંસ્થા માટે ઘણો આદર હતો તેને એમની જરૂર હતી.

ફરી એકવાર મોહનભાઈએ અમદાવાદમાં વસવાની તક જવા દીધી. અધ્યાપકપદને જવા દીધું. આચાર્ય તરીકે એમને કશો અનુભવ ન હતો. હજુ ઉંમર માંડ બત્રીસ-તેત્રીસ વર્ષની જ હતી. આટલી મોટી સંસ્થાની જવાબદારી સંભાળવા માટે એ ઉંમર કાચી ગણાય એવું મોહનભાઈ માનતા હતા. વળી, કડીમાં ઊભી થયેલી કટોકટી એક મોટા પડકારરૂપ હતી. મોહનભાઈએ એ પડકાર ઝીલ્યો અને કડીની સંસ્થાનું સુકાન નિવૃત્તિવય લગી (૧૯૬૧-૮૪) સંભાળ્યું.

સત્રના પ્રથમ દિવસે મોહનભાઈ પ્રાર્થનાસભા સમયે ઓડિટોરિયમમાં પ્રવેશ્યા અને ત્યાં ઉપસ્થિત હજાર કરતાં વધારે વિદ્યાર્થીઓએ એમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

એમની લોકપ્રિયતા ઉત્તરોત્તર વધતી ચાલી. એક મોટી સંસ્થાના સુકાની તરીકે એમને ઘણી પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહેવું પડતું હતું; પરંતુ ગોકુલવાસી મોહનને ગોવર્ધનગિરિ ઊંચકવા માટે ગોવાળિયાઓએ પોતપોતાની લાકડીઓનો ટેકો કર્યો હતો તેમ યુવાન આચાર્ય મોહનભાઈને સંસ્થા સંચાલન કરવા માટે સાથી શિક્ષકો અને સ્થાનિક શિક્ષણપ્રેમીઓએ પોતાની તમામ શક્તિ-મતિ સાથે સહકાર આપ્યા કર્યો. આમેય, ત્રીજા ભાગના શિક્ષકો તો આ પૂર્વેના તેમના વિદ્યાર્થીઓ જ હતા ને? તે સિવાયના પણ આચાર્યના મોહક વ્યક્તિત્વને વશ હતા. તેઓ જવલ્લે જ કોઈ શિક્ષકને કહેવું પડે તો 'મેમો' ન પકડાવતાં એકાંતમાં વ્યક્તિગત રીતે વાત કરી લેતા. ભેદભાવ તો રાખે જ નહીં, હા, શિક્ષકોમાં ફાટફૂટ ન થાય તેની કાળજી

આચાર્ય રાખે! ગંભીર વાત વિનોદી લહેજાથી કહેતા : ''મિત્રો, મારી સાથે એક થઈને લડજો પણ અંદરોઅંદર ન લડતા!''

સર્વ વિદ્યાલયની પોતાની સંસ્થાઓ - પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ, પ્રિ-વોકેશનલ ટ્રેઇનિંગ સેન્ટર, સંસ્થાનાં છાત્રાલયો વગેરેની જવાબદારીઓ ઉપરાંત મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ (જેમાં ચારસો ઉપરાંત શાળાઓ સભ્ય હતી)ના મંત્રી તરીકે પણ મોહનભાઈ સેવાઓ આપતા. આ બધી શાળાઓનાં પ્રશ્નપત્રો તૈયાર કરીને એમને ત્યાં પહોંચાડવાં, એ સંઘના ઉપક્રમે પરીક્ષા-સુધારણાના સેમિનારો, શૈક્ષણિક કાર્યશિબિરો, અભ્યાસક્રમના આયોજનો, આવું ઘણું ઘણું કરવાનું રહેતું. તાલુકા વ્યાયામ મંડળના પ્રમુખ તરીકે પણ તેઓને કાર્યબોજ ખેંચવો પડતો. આ બધામાં એમના સમયનો મોટો ભાગ ખર્ચાઈ જતો.

છતાં સાહિત્યનું એમનું ખેડાણ અટક્યું ન હતું. એમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'હવા! તુમ ધીરે બહો!' (૧૯૫૪) અને પ્રથમ નવલકથા 'હેતનાં પારખાં' (૧૯૫૭) પ્રકાશિત થવાની સાથે એ સર્જક માટે વાચકો-વિવેચકોમાં ઊંચી અપેક્ષા જગાડી ગઈ. આમ છતાં, તે પછી, રાષ્ટ્રીય ભાવનાથી સ્થપાયેલી સંસ્થાના પોતે વડા હતા તેથી એમણે પોતાના મનથી જ વધુ નવલકથાઓ લખવાનું ત્યજયું હતું; પણ તેમનામાં જીવતો સર્જક તેમને નિષ્ક્રિય શાનો રહેવા દે? એમણે ગુજરાતી સાહિત્યમાં 'લઘુકથા'ના એક નવા સ્વરૂપનું ખેડાણ કર્યું. (૧૯૬૩); વાર્તા-સ્વરૂપને રોમાંચક વળાંક આપ્યો. એમના લઘુકથાસંગ્રહને સરોજ પાઠક પારિતોષિક એનાયત થયું.

સાહિત્યકાર અને સામાજિક કાર્યકર શ્રી પીતાંબર પટેલે જ્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં મંત્રીપદ સંભાળ્યું ત્યારે એક વખતે એમણે કુતૂહલપૂર્વક મોહનભાઈને પૂછ્યું, ''હવે તમે નવલકથા નથી લખતા?''

''ના''

''કેમ?''

''આ સંસ્થાના એક જવાબદાર હોદ્દા પર હોઉં ત્યારે નવલકથા લખવાનું હું પસંદ ન કરું.''

''અરે હોય કંઈ? તમે નવલકથા લખવાનું બંધ કરો એ ન ચાલે. 'સંદેશ' માટે એક નવલકથા આપો.''

એમના પ્રેમાળ આગ્રહને વશ થઈને મોહનભાઈએ નવલકથાઓ લખવાનું ફરી શરૂ કર્યું. સાથે સાથે વિવેચનલેખો પણ લખતા રહ્યા; એમણે પંદર જેટલી નવલકથાઓ લખી છે અને પાણીદાર લઘુકથાઓ એકસો જેટલી. સુવર્ણજયંતી વર્ષ (૧૯૯૬) ઊજવતા માસિક 'ધરતી'નું તંત્રીપદ સંભાળતા હાલે શાળેય પ્રવૃત્તિથી નિવૃત્ત, પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ માટેની એમની, જરૂર પડ્યે ત્યારે, સેવાઓ ચાલુ જ છે.

આ પ્રેરક પ્રવૃત્તિપરાયણ શિક્ષકને રાજ્ય

કક્ષાનો શિક્ષક પુરસ્કાર (૧૯૮૪) તો મળેલો. પરંતુ, રાષ્ટ્રીય ઍવોર્ડ માટે અગાઉના પાંચેક શિક્ષણાધિકારીઓની સતત ભલામણ છતાં, તેમને તે ન મળ્યો! ઍવોર્ડના નસીબમાં સાચા સન્માન્યને મળવાનું નહીં હોય!

ઍવોર્ડ એ શિક્ષકની ક્ષમતાને માપવાનો સાચો ગજ બની રહેતો હોય કે ન હોય, પણ પ્રસિદ્ધ કવિ-સાક્ષર (સ્વ.) ઉમાશંકર જોશીએ ત્રણેક જાહેરસભાઓ અને એક પત્રમાં મોહનલાલ પટેલની પ્રશંસા કરી હતી : ''મોહનભાઈ એક અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઊછરતાં બાળકોની વચ્ચે જઈને તેઓ બેઠા છે.''

- આ ઉદ્‌ગાર ઍવોર્ડ કરતાં ઊંચું ગૌરવ અપાવે એવા સન્માનથી ક્યાં ઓછા છે? ગુણાનુરાગી સમાજ વહેલી કે મોડી કદર તો કરે જ છે.

કડીના શિક્ષણ અને સાહિત્યપ્રેમી શુભેચ્છકોએ તા. ૨૬-૨-'૯૬ના દિને માનનીય મોહનભાઈ પટેલનું જાહેર સન્માન કર્યું અને એમના નામાભિધાન સાથેના 'મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ' (રજિ. ટ્રસ્ટ)ને ખુલ્લું મૂક્યું. કડીની નાગરિક સહકારી બૅંકે ઉક્ત ટ્રસ્ટની રચના માટે એક લાખ રૂપિયાનું દાન આપ્યું. કહેવાની જરૂર નહીં, આ દાન શિક્ષક-આચાર્ય મોહનભાઈના આ પૂર્વેના સાહિત્યિક-શૈક્ષણિક પ્રદાનનો નમ્ર પ્રતિભાવ જ ગણાય.

ગાંધીનગર મુકામે પાઠ્યપુસ્તક મંડળની બે'ક વર્ષ પૂર્વેની એક કાર્યસભામાં એમને પ્રત્યક્ષ મળવાનું થયું. પત્રવ્યવહારને લીધે નામ-ઠામ તો જાણતા હતા; રૂબરૂ મળતાં હેતપૂર્વક પીઠે હાથ મૂકીને કહે : 'મેં તો તમને વૃદ્ધ શિક્ષક ધાર્યા હતા !''

મેં તો ધાર્યા હતા તેવા જ એ મોહક શિક્ષકની સાથે વાતવાતમાં જાણ્યું કે તેઓ આચાર્ય ઉપરાંત દસેક વર્ષ ગૃહપિતા (રેક્ટર) પણ હતા. આથી પુછાઈ ગયું : ''મોહનભાઈ, છાત્રાલયના ગૃહપિતાની યોગ્યતા માટે આપ શું માનો છો?''

''તેની યોગ્યતા વિશે હું માનું છું કે શિક્ષકની યોગ્યતાની જેમ તેની યોગ્યતા પણ નક્કી થવી જોઈએ. શાળાના આચાર્ય કરતાં જરાયે ઓછો પ્રતિભાશાળી ગૃહપતિ-ગૃહપિતા-છાત્રાલય માટે ન ચાલે. એણે તો છાત્રોનો પ્રેમ જીતીને તેમના ચિત્તમાં નાયક તરીકે સ્થાપિત થવાનું હોય છે.''

''આપના અનુભવે, શિક્ષણમાં છાત્રાલયનું સ્થાન કેવું હોવું જોઈએ?''

''ઈશ્વરભાઈ, આપણે ત્યાં શાળાઓ માટે જેટલી કાળજી લેવાઈ છે એટલી જ નિષ્કાળજી છાત્રાલય માટે રહી છે. બાળકના શિક્ષણમાં

જેટલો ફાળો શાળાનો હોય છે એના કરતાં અનેક ગણો વધારે ફાળો છાત્રાલયનો હોઈ શકે છે. છાત્રાલય તો કેળવણીનું એક સર્વોત્તમ કેન્દ્ર છે.''

''શિક્ષણક્ષેત્રે મૂલ્યોના ધોવણ અંગે ખૂબ કહેવાય છે; આપણા આ ક્ષેત્રમાં મોહનભાઈ, આ શું જોઈને કે સાંભળીને વ્યથિત થાઓ છો?''

''ગાઈડોની ભરમાર... પહેલા ધોરણથી જ ગાઈડ! બધા જ વિષયોની ગાઈડ !.... ટ્યૂશનની ઘોર બદી.... ટયૂશન કરવાની ઘાતક લૂંટ... શિક્ષકોના યુનિયન્સની એકતરફી જોહુકમી અને ગેરવ્યાજબી માંગણીઓ... પરીક્ષામાં અને શિક્ષકોની નિમણૂકોમાં ભ્રષ્ટાચાર... શાળાઓ : આમ શિક્ષણની પણ તેમ વ્યાપારની દુકાનો.... આ બધું જોતાં - સાંભળતાં થાય છે કે શું થવા બેઠું છે!''

''તેમાં શિક્ષકો પણ-''

''અભ્યાસનિષ્ઠા જ નથી મોટા ભાગના શિક્ષકોમાં. સંદર્ભગ્રંથોનું વાચન નહિવત્... તેઓ પણ કેવળ પાઠ્યપુસ્તકના આધારે... ઈશ્વરભાઈ, કેટલાક તો 'ગાઈડ'ના આધારે ગાડું ગબડાવ્યે જાય છે. કેટલાક શિક્ષકોને તો શિક્ષણ કરતાં બીજા ધંધાઓમાં વધુ રસ છે!''

''તેવા શિક્ષકોની સંખ્યા પણ ઓછી નથી; બાકી આપણો વ્યવસાય તો મિશનરી ખરો કે નહીં?''

આ વાત સ્વીકારવા તેઓ ક્યાં તૈયાર છે? તેઓ તો એવી વાહિયાત દલીલો કરે છે કે બીજાં ક્ષેત્રો ને ધંધાઓમાં લાંચ-રુશ્વત-ભ્રષ્ટાચાર થતો હોય તો અહીં કેમ ન થાય? અમે સમાજથી ક્યાં જુદા છીએ?''

''આ ખેદજનક પરિસ્થિતિનો ઉકેલ?''

''વ્યક્તિગત ધોરણે શિક્ષકની જાગૃતિ - ભલેને એમની સંખ્યા જૂજ હોય. જૂનાં ને જામેલાં અંધારાં નવા ને નાનકડા દીવડાઓ દ્વારા પણ દૂર થઈ શકશે... **બીજા બધું બગાડે છે તેવો બબડાટ કર્યા વગર શિક્ષક વ્યક્તિગત રીતે પોતાની જાતને જોરાવર કરે... પોતાની સજ્જતા વધારે...** બસ, આ છેડેથી સુધરતું થાય તો છેવટે સઘળું સુધરે ને સારાં વાનાં થાય!''

જૂની ને ઝળહળતી મશાલ સમા મોહનભાઈએ પણ પોતે મિશનરી સ્પિરિટથી માધ્યમિક શિક્ષણમાં જ પોતાની કારકિર્દી અપનાવી જ હતી ને? શહેરમાં વસવાનો અને અધ્યાપકનો દરજ્જો હાંસલ કરવાનો મોહ ક્યાં ઓછો પ્રબળ હોય છે? આમ છતાં, તેવો મોહ ન પામનાર મોહનભાઈ પટેલ એક મોહક શિક્ષક તરીકે હજારો વિદ્યાર્થીઓ અને સેંકડો શિક્ષકો તેમજ વાલીઓના ચિત્તમાં આદર સાથેનું ઊંચું સ્થાન ધરાવે છે. એમના સાહિત્યપ્રેમ અને શિક્ષણપ્રેમને ઝાઝેરી સલામ!

• • •

શ્રી જમનાલાલજીના જન્મસ્થાને

- કાકાસાહેબ કાલેલકર

એમ તો મેં જયપુર એક-બે વખત જોયું હતું, પરંતુ આ વખતે ખાસ કરીને શ્રી જમનાલાલજીને મળવા માટે જયપુર ગયો હતો. જે સ્થળે તેમને જયપુર રાજ્યે કેદમાં રાખ્યા હતા, તે જ સ્થાન છૂટા થતાંવેંત ભાડે રાખીને તેઓ ત્યાં રહ્યા હતા. આજુબાજુનાં જંગલોમાં ગરીબ પ્રજાને શિકારના સરકારી નિયમોને લીધે જે તકલીફ છે તે સમજવા માટે તેમણે ત્યાં રહેવાનું પસંદ કર્યું હતું. રાજસ્થાનમાં પહાડી પ્રદેશ અને જંગલો ભાગ્યે જ જોવા મળે છે તેથી લોકોને તેમનું આકર્ષણ વિશેષ રહે છે. શ્રી જમનાલાલજી જેવી સાધુવૃત્તિવાળા અને ઈશ્વરપરાયણ વ્યક્તિને આવા સ્થાને આશ્રમી આનંદ મળી આવે તો આશ્ચર્ય નહીં. અને તેમને આવે સ્થાને જોઈને બીજા લોકોના મનમાં ચિંતા ઉત્પન્ન થાય તો તે પણ આશ્ચર્ય નહીં.

જયપુર પહોંચતાં જ સીકર જોવાની ઇચ્છા થઈ, અને જયારે સાંભળ્યું કે શ્રી જમનાલાલજીનું જન્મસ્થળ 'કાશી કા વાસ' સીકરની પાસે જ છે ત્યારે ત્યાંની યાત્રા પણ કરી આવવાનું મન થયું.

યાત્રા શબ્દ સાંભળીને વાચકોને લાગશે કે આ સાહિત્યિક અતિશયોક્તિ છે. પણ મારા મનમાં તેમ નથી. શ્રી જમનાલાલજી એક નિર્મળ વણિક છે, વેપારવિદ્યા જાણે છે, કોઈ પણ શાળા કે કૉલેજમાં ગયા સિવાય એમણે દુનિયાનો ઠીક અનુભવ પ્રાપ્ત કર્યો છે, અને જીવનસંગઠનના સાર્વભૌમ સિદ્ધાંતોનો પરિચય પણ સારી રીતે કરી લીધો છે. તે એક પ્રેમી પિતા છે, સાચા મિત્ર છે, નમ્ર સમાજસેવક છે તથા રાષ્ટ્રીય મહાસભાની રાજનીતિ સાથે લાંબા સમયનો પરિચય હોવાથી કુશળ રાજનીતિજ્ઞ પણ છે. તે દાની તો છે જ, પરંતુ દાન કેવી રીતે અપાય, કોને અપાય, દેશસેવાની સંસ્થાઓ કેવી રીતે ચલાવાય, એ કળામાં પણ તેઓ નિપુણ છે. એ બધી વસ્તુઓ તેમનામાં હોવા છતાં તે બધામાં તરી આવનાર તેમની સાત્વિકતા જ મુખ્યત્વે પોતાનો પ્રભાવ બીજા ઉપર પાડે છે. તેમના જીવનની અસર તેમના સમાજના કેટલાયે નવયુવકો ઉપર પડી ચૂકી છે, આજે પણ પડી રહી છે અને પરિણામે તે લોકોના જીવનમાં મહત્ત્વનાં પરિવર્તન થતાં આપણે જોઈએ છીએ. માત્ર તેમના જ સમાજના લોકો ઉપર નહીં પરંતુ દેશના બીજા પ્રાંતોના અનેક નાનામોટા માણસો ઉપર શ્રી જમનાલાલજીના જીવનનો કાયમનો પ્રભાવ પડ્યો છે. કલાકો સુધી પૂજામાં બેઠેલા તમે

તેમને નહીં જોઈ શકો. વારંવાર ભગવાનનું નામ લેતાં પણ તમે તેમને નહીં સાંભળો. પરંતુ તેમની સાથેનો પરિચય વધતાં જ તમને વિશ્વાસ બેસશે કે તે મોટા ઈશ્વરભક્ત છે. ઈશ્વરના માંગલ્ય ઉપર તેમની નિષ્ઠા અસાધારણ છે. **જીવનનાં લાભ, હાનિ, સફળતા, નિષ્ફળતા વગેરેનું શાસ્ત્ર સારી રીતે જાણતા હોવા છતાં અને પોતાના ક્ષેત્રમાં અનેક પ્રકારની સફળતા પ્રાપ્ત કરી હોવા છતાં તેઓએ લાભહાનિ પ્રત્યે ઉદાસીન છે. અંતરાત્માનો સંતોષ જ તેમને સંતોષ આપી શકે છે.** શ્રી જમનાલાલની ધર્મનિષ્ઠા અને ઈશ્વરનિષ્ઠા પૂજ્ય બાપુજી પ્રત્યેની શ્રદ્ધામાં પરિણમી છે. બીજા લોક ગાંધીજીની રાજનૈતિક ફિલસૂફીને નહીં માનતા હોય. ઘણા લોકો સ્વરાજ્યપ્રાપ્તિ પૂરતા જ ગાંધીજીના અનુયાયી બન્યા છે. પરંતુ શ્રી જમનાલાલજીએ તો ગાંધીજીનું પૂરેપૂરું જીવનદર્શન અપનાવી લીધું છે અને તેની સિદ્ધિ અર્થે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું છે. ગૃહસ્થાશ્રમી હોવા છતાં પણ તે અનાસક્તિપૂર્વક રહેવાની પૂરેપૂરી કોશિશ કરે છે. વિશાળ કુટુંબના પિતાની વૃત્તિ તેમનામાં હોવા છતાં તે ખૂબ ચીવટથી દરેકની સ્વતંત્રતા સાચવે છે. પોતાના અભિપ્રાયની જબરદસ્તી બીજા કોઈ ઉપર ન થાય તે વિશે ખાસ સાવચેતી રાખે છે. ગાંધીજીના આશીર્વાદ મેળવીને પોતાનું આત્મિક કલ્યાણ સાધવાની મહત્ત્વકાંક્ષા જેમણે સેવી છે તેમાં શ્રી જમનાલાલજીનું સ્થાન આગળ પડતું છે.

તો પછી મારા જેવા શ્રદ્ધાવાન માણસને તેમનું જન્મસ્થાન જોવાની ઈચ્છા થયા વગર કેમ રહે!

અમે જયપુરથી સીકર ગયા. ત્યાં તેમના પિતાએ બંધાવેલું સુંદર મકાન છે. ત્યાં એક રાત રોકાઈને તથા બીજે દિવસે સીકરનું અજાયબઘર જોઈને અમે ઊંટ ઉપર સવાર થઈને 'કાશી કા વાસ' ગયા. મુસાફરી આઠ માઈલની હતી અને ઊંટ ઉપર બેસવાનો અનુભવ પણ નવો હતો. અમે સીકરથી દક્ષિણ દિશામાં ચાલ્યા. સામે દેવગઢનો કિલ્લો અને શ્રી હર્ષ પર્વતનું શિવાલય દેખાતાં હતાં. જયપુરના અજાયબઘરના વ્યવસ્થાપક શ્રી હનુમાન પ્રસાદજીએ હર્ષ પર્વતના શિવાલય વિશે પહેલેથી જ કહી રાખ્યું હતું અને એમ પણ જણાવ્યું હતું કે તે શિવાલયના ખંડેરની ઘણી મૂર્તિઓ સીકરના અજાયબઘરમાં રખાવી છે. તે જોવા માટે તો અમે સીકરનું અજાયબઘર જોવા ગયા હતા. હિંદુસ્તાન દરેક પ્રાંતમાં સ્થાપત્યના સારા સારા નમૂના મળી આવે છે. મેં કાશ્મીરથી સિલોન અને સિંધથી બ્રહ્મદેશ સુધી કેટલીયે વાર રખડીને આપણા સ્થાપત્યનું નિરીક્ષણ કર્યું છે. તેથી સીકર જેવા નાના શહેરનું અજાયબઘર જોઈને મને કોઈ ખાસ વિચાર આવવાનું સંભવિત ન હતું. પરંતુ જ્યારે ત્યાં જઈને નજરે જોયું ત્યારે ત્યાંની કેટલીક નાની નાની મૂર્તિઓ અપ્રતિમ

મૂર્તિવિધાનનો નમૂનો હતી તે હું જોઈ શક્યો. થોડા દિવસ પહેલાં હું મૈસુર રાજ્યના બેલૂર અને હળેબીડનું સ્થાપત્ય જોઈ આવ્યો છું. એ સ્થાપત્ય હિંદુસ્તાનમાં તો શું પણ દુનિયામાં પ્રખ્યાત ગણાય છે. સીકરના અજાયબઘરની બે-ચાર મૂર્તિઓ અને બેલૂરની મૂર્તિકળાની કોટિની માલૂમ પડી. જો રાજસ્થાનનો કોઈ ઇતિહાસ-સંશોધક અને કળાવિવેચક આ મૂર્તિઓના ફોટા છપાવીને દુનિયાનું ધ્યાન તેમની તરફ ખેંચે તો કેટલાયે કળાયાત્રીઓ તે જોવા માટે સીકર સુધી પહોંચી જશે. અને કદાચ આગ્રહ પણ રાખશે કે હર્ષ પર્વતના આ શિવાલયનો જીર્ણોદ્ધાર કરીને ત્યાં જ એક નાનું અજાયબઘર બનાવવામાં આવે. જ્યારે પશ્ચિમના કળાયાત્રીઓ તો કહેશે કે આનાથી સારું તો એ થાય કે આ બધી મૂર્તિઓ અહીંથી ઉઠાવીને જયપુરના અજાયબઘરમાં જ રાખવામાં આવે જેથી કળાપ્રેમી લોકોને તેનું દર્શન સુલભ બને.

રાજસ્થાનમાં ક્યાંય પુરાતત્ત્વ સંગ્રહાલય (આર્કિયોલૉજિકલ-મ્યુઝિયમ) સ્થાપિત થયું છે કે નહીં તેની મને ખબર નથી, પણ એવાં સંગ્રહાલયોની નિઃશંક આવશ્યક્તા છે, એટલું તો હું જરૂર કહીશ.

દૂરથી હર્ષ પર્વત જોતાં જોતાં અમે દૂજોધ પહોંચ્યા. અહીં અમને લાગ્યું કે સાત વાગતાં પહેલાં અમે 'કાશી કા વાસ' પહોંચી શકીશું નહીં, તેથી મેં દૂજોધમાં જ મારો ફળાહાર કરવાનું ઠીક માન્યું. ત્યાંના એક સજ્જને ગામમાંથી સરસ દહીં લાવી આપ્યું, ખજૂર અને ફળ તો મારી સાથે હતાં જ. ભોજન કરીને અમે આગળ ચાલ્યા. રસ્તે 'સાત કદંબ કા વાસ' પહેલું આવ્યું અને પછી 'કાશી કા વાસ'. અંધારું થઈ ગયું હતું. બીજા લોકોએ અહીં ભોજન કરી લીધું. મેં પણ કૂવાની પાસે જે મોટી હવેલી છે તેની અગાસી ઉપર સૂઈને રાજસ્થાનના નિર્મળ આકાશના તારાનું દર્શન કર્યું.

ચિત્રા ડૂબી જવાની તૈયારીમાં હતી. સ્વસ્તિકે કિરીટમંડળ હાથમાં લઈ લીધું હતું. ધ્રુવે પોતાનો મત્સ્ય આકાશમાં ઉપર ફેંકેલો હતો. હંસ આકાશગંગામાં સ્થાન કરી રહ્યો હતો. વૃશ્ચિકના પેટમાંનો પારિજાત પોતાની સરખામણી મંગળની સાથે કરી રહ્યો હતો અને બાકીના બધા દિવ્ય ગણોનો દરબાર પોતપોતાના સ્થાને બેસીને વિશ્વપતિ ભગવાનનાં ગુણ ગાન કરી રહ્યો હતો.

રાતના નવ વાગ્યાનો સમય થયો હતો. જે ઓરડામાં શ્રી જમનાલાલજીએ આ દુનિયાની હવા પહેલી જ વાર પોતાના પેટમાં લીધી અને જ્યાં તેમણે પોતાની નાનીશી આંખો દ્વારા આ દુનિયાના પ્રકાશનું સૌથી પહેલું દર્શન કર્યું તે ઓરડો જોવા અમે ગયા. એ હવેલી નાનીશી છે. આખા ગામમાં બધાં થઈને ચાળીસ ઘર હશે અને લોકોની સંખ્યા તો બસો પણ નહીં હોય.

(અનુસંધાન પૃષ્ઠ ૨૪ ઉપર)

ભણતા કરે તે શિક્ષક

- ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

શિક્ષક એટલે શિક્ષણ આપે તે, બાળકોને ભણાવે તે, તેવી માન્યતા સમાજમાં પ્રસરેલી જોવા મળે છે. શાળામાં શિક્ષક પાઠ્યપુસ્તકમાં આપેલો એકમ વાંચી જાય કે તે સંદર્ભે કથન કરે, સમજાવવા માટે ચર્ચાકથન કરે અને સ્વાધ્યાયના પ્રશ્નો લખવા આપી દે, ત્યારે વિદ્યાર્થીને માર્ગદર્શિકા, ટ્યુશન ક્લાસીસના શરણે જવું પડે, લખવું-ગોખવું પડે છે. આ સંદર્ભે વિદ્યાર્થીને શિક્ષણ ત્રાસદાયક ન લાગે પણ રસદાયક લાગે તેવા માર્ગ અપનાવવા જોઈએ. શિક્ષણની દશા જોઈને કેટલાંક લેખકોએ જે પુસ્તકો લખ્યા છે તે વાંચીને ખ્યાલ આવે છે કે શિક્ષણ કયા સ્તરે છે? કેવી દશામાં છે? વાંચો એવરેન્ટ રેમસનું 'સ્કૂલ ઈઝ ડેડ', ઈવાન ઈલિસનું 'સ્કુલિંગ સોસાયટી', સુરેશ જોષીનું 'વિદ્યા વિનાશના માર્ગે' અને બકુલ ત્રિપાઠીનું 'દ્રોણાચાર્યનું સિંહાસન'.

આઈન્સ્ટાઈન કહે છે કે, 'હું કદી શીખવતો નથી, હું તો એવા સંજોગો પેદા કરું છું કે, જેમાં વિદ્યાર્થી તેની જાતે શીખે.' માલ્કમ આદિસેશીયારના શબ્દોમાં, 'કેમ શીખવું તે શીખવવું તેનું નામ શિક્ષણ.' આવા વિચારો અનેક વિદ્વાનોએ આપ્યા છે. શિક્ષકોએ તે વિચારોને અમલમાં મૂકવાના છે. વિદ્યાર્થી પોતાની જાતે શીખી શકે તેમ શીખવવું તે માટે વિચારવું જોઈએ.

(૧) વિદ્યાર્થીઓ પર પ્રેમ અને લાગણી વરસાવો - 'આજના વિદ્યાર્થીઓને ભણવું જ નથી' તેવું શિક્ષકો પાસેથી સાંભળવા મળે છે. 'વાલીઓ કશું જ ધ્યાન આપતાં નથી.' તેવું ગ્રામ્ય વિસ્તારોના શિક્ષકો કહે છે. આ વાતમાં તથ્ય હોય તો પણ શિક્ષક જો વિદ્યાર્થીને સાચા દિલથી પ્રેમ કરે, તેઓના માટે નિઃસ્વાર્થ લાગણી રાખે તો તેમાં ફેરફાર થવાની શક્યતાઓ વિશેષ છે. મારા અનુભવે શિક્ષક વિદ્યાર્થી સાથે જોડાય તો વિદ્યાર્થી શિક્ષક સાથે જોડાય જ છે. વિદ્યાર્થી શિક્ષકનું વિશેષ માને છે. આ તબક્કે શિક્ષકે તેને શીખતા કરવાનો છે. આમ તેઓને શીખતા કરવા પ્રેમ અને લાગણી આવશ્યક છે. **જે. કૃષ્ણમૂર્તિના મતે "પોતાના જીવનમાં પ્રેમનું તત્ત્વ પ્રબળ જણાતું ન હોય તેવા કોઈએ પણ શિક્ષક ન થવું જોઈએ."**

(૨) વિદ્યાર્થીઓને વાંચતા કરો - બાળક શાળામાં આવે ત્યારે માતૃભાષા બોલી શકે છે. ત્યારે તેને વાચન-લેખન તરફ દોરી જવાનું કાર્ય શિક્ષકના પક્ષે રહે છે. આ માટે ધોરણ-

૧માં પ્રથમ એક માસમાં આ માટે એક વર્ણ માટે પાંચ કે સાત ચિત્રો દર્શાવી પરિચય કરાવવો જોઈએ. વર્ણ શોધાવવો જોઈએ. પછી તે જ પ્રમાણે બારાક્ષરી પરિચય કરાવવો જોઈએ. પહેલાં કાનાવાળા, માત્રાવાળા, હ્રસ્વ-ઇ-ઉ વાળા, દીર્ઘ ઈ-ઊ વાળા, એમ શીખવવા જોઈએ. બન્ને પરિચય સાથે શબ્દ જોડાયેલા હોય છે. ચિત્ર નીચે શબ્દ રાખવો. પછીના માસે શબ્દ ઘડતર કરાવવું. આ માટે શબ્દ રમતો રમાડવી જોઈએ. પછી વાક્ય ઘડતર પર લઈ જવા. બાળકો પહેલેથી શબ્દો બોલે છે. વાક્યો પણ બોલતા હોય છે. તેથી તેમને વિશેષ અનુભવો આપીને આ કાર્ય કરાવવું જોઈએ. શબ્દ-વાક્યના અર્થ સમજે તેવી પ્રવૃત્તિઓ કરાવવી. શબ્દના અર્થ ન આવડે તો નાનો કોશ - જેવા જોડણીકોશનો ઉપયોગ કરાવવો. નાના કાવ્યો-ગીતો-વાર્તાઓ વંચાવવા - ગવડાવવા. તેનો સારાંશ મેળવવો. આમ વાચન - વાચન અર્થગ્રહણ તરફ દોરવા.

(૩) **પ્રશ્નો પૂછો** - વાચન શિક્ષણનો પાયો છે. આજના શિક્ષક સ્વયં વાંચતા થાય તો તે વિદ્યાર્થીને વાંચતા કરી શકે. આચરણ વિનાનો બોધ નકામો છે. શિક્ષક વિદ્યાર્થી વાંચે, સમજે, વિચારે અને યોગ્યનું આવરણ કરે, તેમ કરાવે તો તેને ઉમદા માનવ બનાવી શકે. આ માટે પ્રશ્નોત્તરી ઉત્તમ માર્ગ છે. જે એકમનું વર્ગકાર્ય કરાવવાનું છે તેનું વિદ્યાર્થી ઘરેથી વાચન કરીને આવે તેવું આયોજન કરવું. વર્ગમાં સાદા પ્રશ્નો, માહિતીલક્ષી પ્રશ્નોની સાથે અર્થગ્રહણાત્મક પ્રશ્નો પૂછવા જોઈએ. દા.ત. જે એકમની ઘટના હોય તો - ઘટના કઈ બની? શાથી બની? લેખકે ઘટના શાથી રજૂ કરી? ઘટના પરથી શું બોધ મળે છે? આ ઘટના ન બની હોત તો શું થાત? જેવા પ્રશ્નો પૂછવા જોઈએ. વાચન પછી પ્રશ્નો વિદ્યાર્થીઓને એકમની સ્પષ્ટતા, સમજ તરફ દોરી જશે. જે તેને ભણતો કરશે. અહીં સ્વાધ્યાય પદ્ધતિનો ઉપયોગ કરતા રહેવાનું છે. બધા વિષય શિક્ષકોએ આ પદ્ધતિનો અમલ કરવો જોઈએ. કારણ વિદ્યાર્થી વાંચે, વિચારે, સમજે - સ્પષ્ટ કરી શકે. તે તેને લખતો કરે. આથી સફળતા પામે. શિક્ષણનો આંક વધતો જાય.

(૪) **પ્રવૃત્તિલક્ષી શિક્ષણ** - જહૉન ડ્યૂઈ અને ગાંધીજીના વિચારો પ્રવૃત્તિલક્ષી શિક્ષણ તરફના છે. વિષયવસ્તુને આધારે ચાર્ટસ બનાવે, ચિત્ર દોરે, વર્તમાનપત્રો - સામાયિકોમાંથી માહિતી સંગ્રહ કરે, વ્યક્તિ વિશેષ અંગે માહિતી મેળવે, (જીવનચરિત્ર - આત્મકથા વાંચે) નકશા તૈયાર કરે, એક એક વિષયમુદ્દા સંદર્ભે કાવ્યો એકત્ર કરે. દા.ત. મા વિશેના કાવ્યો, વર્ષાઋતુના કાવ્યો, જેવી બાહ્ય પ્રવૃત્તિઓ આપી શકાય. વર્ગમાં પ્રશ્ન પૂછવા, સંવાદ કરાવવા, ચર્ચા કરાવવી, પ્રયોગ કરાવવા, મુદ્દા પરથી વાર્તાલેખન, કોઈ એકમની વાર્તા કે નાટક

રચાવવા, નાટક ભજવવા, વર્ગીકરણ કરે, વર્ણન કરે, આકૃતિ દોરે, શૈક્ષણિક સાધનો ઉપરથી પ્રશ્નોના જવાબ આપે, વગેરે પ્રવૃત્તિઓ કરાવી શકાય.

(૫) વર્ગશિક્ષણમાં અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ - શિક્ષકે પોતાના વિષયની પદ્ધતિશાસ્ત્રની બૂક વસાવવી જોઈએ. વાંચવી જોઈએ. શાળામાં વસાવેલ હોય તો તેનો ઉપયોગ કરવો જોઈએ. જે પદ્ધતિઓમાં વિદ્યાર્થીઓને વિશેષ સામેલ કરી શકાય તેવી પદ્ધતિઓ દ્વારા શિક્ષણ આપવું જોઈએ. આ માટે સ્વાધ્યાય, પ્રોજેક્ટ, પ્રદર્શન, નાટ્યીકરણ, આગમન-નિગમન, જૂથ ચર્ચા, પ્રશ્નોત્તર જેવી અધ્યાપન પદ્ધતિઓ ઉપયોગી છે.

(૬) અધ્યાપન પ્રયુક્તિઓનો ઉપયોગ - અધ્યાપનને રસદાયક બનાવવા વિદ્યાર્થીઓ વર્ગકાર્યમાં જોડાય તે મહત્ત્વનું છે. આ માટે નિદર્શન, ચર્ચા, નાટ્યીકરણ, મુલાકાત, નિરીક્ષણ વગેરે પ્રયુક્તિઓને વર્ગકાર્યમાં જોડવી જોઈએ. નિદર્શન કરીને, ઘટનાનું નાટ્યીકરણ કરીને - નાટક ભજવીને - વ્યક્તિ, સ્થળની મુલાકાત કરાવીને પ્રશ્નો પૂછવા જોઈએ. તો વિષયવસ્તુનું સ્પષ્ટીકરણ, સરળતાથી થશે.

(૭) શૈક્ષણિક સાધનોનો ઉપયોગ - વર્ગકાર્યમાં ચાર્ટસ, ચિત્રો, નકશા, નમૂના મૉડેલ, કમ્પ્યૂટર, ટી.વી., ફિલ્મ, સ્લાઈડ, ઓવરહેડ પ્રોજેક્ટર, એપિડાયોસ્કોપ ટ્રાન્સપરન્સીઝ વગેરે જેવા સાધનો શિક્ષણને રસપ્રદ, સરળ અને કાયમી બનાવે છે. સાધનો દર્શાવીને પ્રશ્નો પૂછવા આવશ્યક છે. પ્રશ્નો દ્વારા વિષયવસ્તુ સ્પષ્ટ થાય છે. વિદ્યાર્થીને વિચારીને જવાબ આપવા પડે તેવા પ્રશ્નો પણ સામેલ કરવા જોઈએ. દા.ત. સમયરેખા બતાવીને પ્રશ્ન પૂછાય છે. કઈ સાલમાં કયો બનાવ બન્યો? પણ આ ઘટનાને બન્યાને કેટલા વર્ષ થયા? ઘટનાને શા માટે યાદ કરાય છે? વ્યક્તિને શાથી યાદ કરાય છે? તે જ રીતે 'પાપ તારું પરકાશ...' જેસલ તોરલ ફિલ્મનું ગીત - કાવ્ય પાઠ્યપુસ્તકમાં હોય તો પડદા પર બતાવીને આ ગીતમાંથી શું બોધ મળે છે? પસ્તાવો કરવાથી શું લાભ થાય? વગેરે પ્રશ્નો પૂછવાથી કાવ્ય વિશેષ સ્પષ્ટ થશે.

(૮) નિદાન - ઉપચાર કાર્ય - કેટલાંક વિદ્યાર્થીઓ, કેટલાંક કારણોસર શિક્ષણમાં નબળા રહે છે. તેઓને સાંકળીને સંશોધન, ક્રિયાત્મક સંશોધન કરીને તેમની નબળાઈના કારણોનું નિદાન કરી, ઉપચાર કરવો જોઈએ. અધ્યયનમાં નડતી વૈયક્તિક સમસ્યાઓને સમજવા પણ નિદાન-ઉપચાર જરૂરી છે.

ચાલો, શિક્ષકો શિક્ષકની ભૂમિકાને સારી રીતે ભજવીએ, નિભાવીએ અને આપણા વિદ્યાર્થીઓ રૂપી સંતાનોને સ્વઅધ્યયન કરતાં

કરીએ. ગોખણપટ્ટીથી મુક્તિ અપાવીએ, ટ્યુશનક્લાસના ખર્ચામાંથી બચાવીએ. જરૂર પડે સવારે કે સાંજે થોડો સમય ફાળવી વિદ્યાર્થીઓને ભણતા કરીએ.

(અનુસંધાન પૃષ્ઠ ૨૧ થી ચાલુ)

હવેલીમાં બજાજ કુટુંબના લોકો રહે છે. તેમણે ઓરડો ઉઘાડી બતાવ્યો. અંદર એટલો કચરો હતો કે કોઈએ તે ઓરડો મહિના થયા ખોલ્યો નહિ હોય એ જણાઈ આવતું હતું. ઓરડો જોઈને અમે બહાર આવ્યા. હવેલીની સામેના આંગણમાં બેસીને અમે અમારી પ્રાર્થના કરી. પ્રાર્થનાનો શેઠ જમનાલાલજીનો વિચાર હતો જ. અહીં વરસાદ ઓછો હોવાને કારણે બાજરી વગેરે સુકાઈ રહ્યાં હતાં અને જ્યાં ત્યાં ખેતરોમાં તેમ જ વગડામાં ગાય-બળદનાં હાડકાં નજરે પડતાં હતાં. એટલા માટે મેં પ્રાર્થનામાં વરસાદની માગણી પણ કરી. પ્રાર્થના પૂરી થઈ અને આકાશે સફેદ તથા કાળાં વાદળાંની ચાદર ઓઢી લીધી. અમે પણ પાતળી ચાદર ઓઢીને સૂઈ ગયા. એટલામાં છાંટા પડવા લાગ્યા અને અમારે મકાનની અંદર જવું પડ્યું. પાણી તો નામનું જ પડ્યું પણ એટલાથી પણ લોકો કૃતજ્ઞ થયા.

બીજે દિવસે સવારે ઊઠીને અમે પાછી પ્રાર્થના કરી. મીઠું દહીં, તડબૂચ તથા કાકડીનો નાસ્તો કર્યો; અને ફરીથી પરોપકારી ઊંટો ઉપર સવાર થઈ ગયા. સામેના ઝાડ ઉપર જે અનેક મોર સૂઈ રહ્યા હતા તેમણે ઊઠીને પોતાના કેકારવ દ્વારા અમને વિદાય દીધી. એ પાણીનો કૂવો, એની પાસેની એ મોટી હવેલી અને તેની સામે ઊભાં ઊભાં તપશ્ચર્યા કરનારું એ વૃક્ષ એ ત્રણેનાં પરોપકારી જીવનની શ્રી જમનાલાલજીના જીવન સાથે સરખામણી કરતાં અમને ખૂબ આનંદ થયો.

(અનુસંધાન પૃષ્ઠ ૩૯ થી ચાલુ)

કહેવા પૂરતાં ઘર. બાકી તો જાણે જંગલ. ખૂન, બળાત્કાર, દગાખોરી, અંધશ્રદ્ધા, પશુ જેવું જીવન જીવતા લોકો. આવા વિસ્તારમાં તેમણે આશ્રમ કર્યો. તેમનાં પત્ની વનિતાબહેનને વાંચો તો આપણને એમ થાય કે પારકા માટે કોઈ આટલું કરી શકે? આદિવાસીનાં બાળકો કે જેમણે કદી જીવનમાં હાજતે જઈ શરીર ધોયાં નથી એમને નવડાવી ધોવડાવી ચોખ્ખા કરવાં, તેમના માટે રસોઈ કરવી, શિક્ષણ આપવું, આશ્રમમાં તેમનું ધ્યાન રાખવું. જંગલમાંથી મળેલ વરુબાળને પોતાનું દૂધ પાઈ મોટું કરવું પછી ભલેને એ છાતી ચીરી નાખતું હોય. પોતે ભૂખ્યા રહી બાળકોને જમાડે અને એ જ બાળકો જ્યારે જંગલિયત પર ઊતરી આવી તેમને મારવા પણ તૈયાર થઈ જાય ત્યારે શું કોઈ એ પ્રદેશમાં રહી શકે? અગવડ વચ્ચે પણ જેમણે હંમેશાં હસતે મોઢે બધાં કામ કર્યા, તે વનિતાબહેનના પાત્ર માટે આપણને ગર્વ થાય. ચુનીલાલ મહારાજનાં કાર્યો પણ કાબિલેદાદ છે. આદિવાસીઓના ન્યાય માટે એમણે શું શું કર્યું છે? એ પુસ્તકમાં છે.

શિક્ષણ અને કેળવણી - દરેક નાગરિકની જવાબદારી

- રાજેન્દ્ર દવે

કોઈપણ દેશ અને સમાજની સૌથી અગત્યની પ્રાથમિકતા પોતાના અસ્તિત્વનું રક્ષણ કરવાની, એને ટકાવી રાખવાની છે. શું આપણી શિક્ષણ વ્યવસ્થા દેશના વિદ્યાર્થીઓને આ મહત્ત્વના કાર્ય માટે તૈયાર કરે છે? એના માટે જરૂરી શારીરિક તેમજ માનસિક તાલીમને ગંભીરતાથી લેવામાં આવે છે ખરી? હેરો અને ઈટનના રમતના મેદાનોમાં કેળવાયેલ શિસ્ત અને મૂલ્યો, જે બ્રિટીશ સામ્રાજ્યના પાયા સમાન હતા. એવી શિસ્ત, એવા મૂલ્યો શું આપણી કહેવાતી ચુનંદી (Elit - એલીટ) શાળાઓ પોતાના વિદ્યાર્થીને આપે છે?

આપણે જેના વખાણ કરતા થાકતાં નથી, એવા સિંગાપોરે સ્વંતત્રતા મળવાના માત્ર બે જ વર્ષમાં પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણમાં ''ખડતલ સમાજ'' ના નિર્માણ માટેનું, અને ભવિષ્યના નાગરિકોને પોતાની નાગરિક તેમજ સામાજિક જવાબદારી નિભાવવા માટે સુસજ્જ કરવાનું, એમ બે અભિયાન શરૂ કર્યા. અને આપણે? આઝાદીના પંદર વર્ષ બાદ, ૧૯૬૨ના યુદ્ધમાં ચીનના હાથે મળેલી નામોશી ભરી હાર પછી આવેલા સ્મશાન વૈરાગ્ય રૂપે NCC કાર્યક્રમ શરૂ કર્યો, અને થોડાક વર્ષોમાં એ વૈરાગ્ય ઓસરી પણ ગયો.

દેશના ભૌતિક અસ્તિત્વના રક્ષણને બાજુએ મૂકીએ તો પણ સમાજમાં સમૂહમાં રહેવા માટે જરૂરી કૌશલ્ય અને શિસ્ત આપણા બાળકોમાં કેળવાય છે ખરાં? જો એમ હોય, તો શા માટે આપણા મોટા ભાગના ટ્રાફિક જામ, ગંભીર રોડ અકસ્માતો થાય છે? શા માટે કરોડો રૂપિયાના ખર્ચે બનેલી આપણી નવી, સુંદર ટ્રેન થોડા દિવસમાં તૂટેલી-ફૂટેલી જોવા મળે છે? જાપાન જેવા ગીચ વસ્તી ધરાવતા, અને નેપાળ જેવા પ્રમાણમાં અવિકસિત એવા દેશો શા માટે આપણા દેશથી વધુ ચોખ્ખા હોય છે? આપણા એરપોર્ટના ટોયલેટ, રેલ્વે સ્ટેશનો અને જાહેર જગ્યાઓ જેનો ઉપયોગ મહદ્ અંશે સમાજના શિક્ષિત સભ્ય કરે છે, તેની હાલત કેવી છે? આ બધા દૂષણ માત્ર દેખીતાં, માત્ર ઉપર છલ્લાં છે એવું પણ નથી. આપણે સૌ તેની આર્થિક કિંમત - સીધી અથવા આડકતરી - ચૂકવીએ છીએ, અને એ રીતે આપણી સીમિત સંપત્તિને વેડફી નાખીએ છીએ.

સામાજિક અને નાગરિક મૂલ્યોની વેવલી વાતોને પણ બાજુએ રાખીને આપણને સૌને પ્રિય એવી, ધન અને સંપત્તિ વિષે વાત કરીએ. અર્થશાસ્ત્રીઓ ભલે એમની વિવિધ જટિલ થિયરી વડે સમાજની આર્થિક ઉન્નતિ માટે

શોર્ટકટ શોધવા મથે. છેવટે તો દેશ અને સમાજની આર્થિક સમૃદ્ધિનો આધાર એના નાગરિક, એના સભ્યોની સંપત્તિ ઉત્પન્ન કરવાની ક્ષમતા, એમની ઉત્પાદકતા જ છે. આ વિષયે આપણી શિક્ષણ વ્યવસ્થાની કામગીરી કેવી રહી છે? એક નમૂનો : માત્ર ૧૧ વર્ષના શિક્ષણ સાથે ૧૯૪૦ના દશકમાં બૅન્કમાં જોડાયેલ મારા મેટ્રીક્યુલેટ પિતા, માત્ર ફેસીટ ગણતરી-યંત્રની ટેક્નોલૉજી સાથે જે કામ કરતાં હતા, આ કામ માટે આજે ૧૫ થી ૧૭ વર્ષના શિક્ષણની જરૂર પડે છે. આજથી ૫૦-૬૦ વર્ષ પહેલા મોટા ભાગના વ્યવસાય માટે જ્યાં માત્ર માધ્યમિક શાળા સુધીનો અભ્યાસ પૂરતો હતો, ત્યાં શા માટે આજે સ્નાતક અને અનુસ્નાતક ઉમેદવાર જ સ્વીકાર્ય છે? શા માટે આપણા મોટા ભાગના યુવાનોની જિંદગીનો ચાર-પાંચ વર્ષનો કદાચ સૌથી વધુ ઉત્પાદક સમય આપણા શિક્ષણની વ્યવસ્થાને કારણે વેડફાઈ જાય છે? ઉપરાંત, આ સમયગાળા દરમિયાન પડતો તેમના શિક્ષણનો અને ભરણ-પોષણનો બોજ તો વધારાનો!

આજકાલ ચીન સાથે ભારતની સરખામણીમાં યુવા-ધનનું એક નવું પરિણામ ઉમેરાયું છે. ચીનની સરખામણીમાં ઊંચા જન્મદરની એક આડકતરી અસર ભારતની વસ્તીમાં યુવાનોનું ઊંચું પ્રમાણ છે. ઘણા નિષ્ણાત આ હકીકતને વરદાન તરીકે ખપાવે છે - વધુ યુવા-ધન, વધુ ધન ઉપાર્જન. તેઓ જાણે-અજાણે એક વાત કહેવાનું ભૂલી જાય છે કે આ વરદાનનો લાભ તો જ મળી શકે, જો આપણો દરેક યુવાન જેટલાં સાધન, જેટલી સંપત્તિ પોતે વાપરે, એના કરતાં વધુ પેદા કરે. નહીં તો, સરવાળે એ યુવાન દેશને વધુ ગરીબ જ બનાવશે. માટે, વધતા યુવા-ધનનો લાભ લેવા તેની ઉત્પાદકતા, જે અત્યારે ચીનની સરખામણીમાં લગભગ અડધી છે, એને વધારવી એ પાયાની જરૂરિયાત છે. શું આપણી શિક્ષણ વ્યવસ્થા આ કાર્ય માટે સક્ષમ છે?

હું માનું છું કે આ બધા પ્રશ્ન મને, અને મારા જેવા દેશના બીજા નાગરિકોને વ્યક્તિગત રૂપે સ્પર્શે છે. હું તો ત્યાં સુધી કહીશ કે વ્યક્તિ અને સમાજ સામેના લગભગ દરેક પડકારનો ઉપાય દેશની શિક્ષણ વ્યવસ્થા અને નાગરિકની ગુણવત્તા પર નિર્ભર રહે છે. સાચી કેળવણી થકી દેશના બાળકોનો સર્વાંગી વિકાસ એ કોઈ ઊંચે આકાશમાં રહેલું આદર્શ ધ્યેય નહીં, પરંતુ સમાજના દરેક સભ્યના આર્થિક, સામાજિક અને નૈતિક નહીં, પણ આર્થિક-વિકાસ અને સુખાકારી માટેની જરૂરી શરત, અને આવશ્યક ઘટક છે. મારું એક અવલોકન છે કે આપણા આદર્શવાદી શિક્ષણશાસ્ત્રી મહદ્ અંશે શિક્ષણ થકી બાળકોમાં નૈતિક અને સામાજિક મૂલ્યોના રોપણને એક આદર્શ ધ્યેય માનીને અને વધુમાં વધુ વિદ્યાર્થીના વ્યક્તિગત વ્યાવસાયિક કૌશલ્યને મહત્ત્વ આપીને અટકી જાય છે. દેશ અને સમાજના નૈતિક અને સામાજિક મૂલ્યોનો

(અનુસંધાન પૃષ્ઠ ૨૯ ઉપર)

બાળપણની યાદો

- હસમુખ જોષી

એ દિવસો...!

કહેવાય છે કે, આજના બાળકો પાસે બાળપણ નથી રહ્યું. **વેકેશન દર વરસે પડે છે પણ શિક્ષણ અને અભ્યાસ વેકેશનમાં પણ કેડો મૂકતા નથી..!** કહેવાતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને ટ્યુશનોમાં બાળકો એવા ગળાડૂબ રહે છે કે રજા જેવું એમના જીવનમાં કંઈ આવતું જ નથી. કેટલાક નસીબદાર બાળકોને માબાપ સાથે પ્રવાસ ખેડવા મળે છે. પણ એકાદ અઠવાડિયામાં તો ફરીથી એનું એ જ વ્યસ્ત જીવન માથે આવી પડે છે...!

ઘણા કહે છે કે, ભણવાની વયે તો ભણી લેવું જ પડે, પછી આખી જિંદગી પડી છે ને... પણ અહીં વાત ભણતરની નથી પણ ભણતરના ભારે બોજની છે. મુક્ત બાળપણ કેટલું અગત્યનું છે એ વાત આપણો સમાજ સમજતો નથી.

આજે હું મારા બાળપણની વાતો કહેવા જઈ રહ્યો છું. પણ એ વાતો ફક્ત મને નહિ પણ મારી ઉંમરના દરેક વ્યક્તિને લાગુ પડતી જ હશે. મેં ક્યારેય કોઈ ટ્યુશન નથી રાખ્યું કે કોઈ વેકેશન વર્કશોપ એટેન્ડ નથી કર્યા. છતાં હું મારા સમજુ મા-બાપના માર્ગદર્શનને લીધે નાનપણથી જ વાંચન, લેખન, ચિત્રકામ, માટીકામ, રમતગમત જેવા શોખ કેળવી શક્યો હતો. ગામડાનું સંકુચિત જીવન છતાં કોઈ અવરોધ નહોતો.

આજના બાળકોને જેટલો સમય વેકેશનમાં મળે છે એટલો સમય તો અમારા બાળપણમાં આખું વરસ અમને રોજ રોજ મળતો હતો એમ કહું તો ખોટું નહિ. પાંચ-છ કલાક શાળાના વર્ગમાં વિતાવી ઘેર આવી દફતર ફગાવ્યું એટલે બાકીનો સમય અમારો..! ધોરણ એક થી પાંચ સુધી તો પાટીમાં (સ્લેટમાં) જ ભણવાનું હતું એટલે હોમવર્ક પણ કેટલું હોય? છતાં ભણવાનો કંટાળો આવતો અને વેકેશનની રાહ તો અમને પણ રહેતી હોં..!

ગામમાં લાઈટ તો હતી નહિ, (લાઈટ છેક હું યુવાન થયો ત્યારે આવેલી) રાત પડે એટલે ગામ અંધકાર હેઠળ સૂમસામ થઈ જતું. કેરોસીનના દીવા અને ફાનસનો જ સહારો હતો. ઘણા ગરીબ ઘરમાં એની પણ મર્યાદા હોવાથી સાંજે વહેલા ભોજન કરીને સૂઈ જવાનું રહેતું. અજવાળી રાત હોય ત્યારે રાત્રે પણ અમારી ચોર-સિપાઈ જેવી રમતો ચાલુ રહેતી. અંધારી રાતે કોઈને બહાર જવું હોય તો હાથમાં ફાનસ લઈને જવાનું, ટોર્ચ અમુક પાસે જ હતી.

હું ગામડામાં રહેનારો એટલે ગામનો સીમ વગડો એ અમારું પ્લે ગ્રાઉન્ડ... ગામ બહાર નીકળતા જ આવે નદીની ભેખડો. ચોમાસામાં કોઈ છોકરાને શોધવો હોય તો નદીએ જવાનું.

ઉનાળાના દિવસોમાં નદીમાં વહેતું પાણી તો ન હોય. પણ ખાડા અને ઘુનાઓમાં પાણી તો ભર્યું જ હોય. ગામના ઢોરઢાંખર, પશુઓ માટે પાણી પીવા એનો જ સહારો.

નદીના કાંઠે પુષ્કળ વનરાજી, વૃક્ષોનો પાર નહિ. પીપળા, પીપર, આંબલી, લીમડા, આંબા, જાંબુ ઢગલાબંધ. આમાં ખેલકૂદ કરતા બપોરનો સમય ક્યાં પસાર થાય એ ખબર ન પડે.

અમારા મિત્રમંડળમાં અઢારે વરણ હોય, પટેલ, કાઠી દરબાર, રજપૂત દરબાર, બાવાજી, કોળી, હરિજન, બ્રાહ્મણ, રાજગોર, વણિક, રબારી, ભરવાડ, કુંભાર, મોચી, સુતાર, દરજી કેટલા યાદ કરું...? વરણ ભેદનો એ સમય નહોતો. કોઈ છોકરાઓને જાતિભેદની ખબર ન રહેતી. આ પ્રકારના બાળપણને લીધે આગળ જતા જ્યારે હિમાલયની અજાણી પ્રજા વચ્ચે રહેવાનું થયું ત્યારે જરાય અડવું નહોતું લાગ્યું.

ગામડામાં લગભગ દરેક ઘેર દૂધ માટે પશુઓ હોય જ. સામાન્ય ઘર હોય તો પણ બકરી તો હોય જ, થોડું ઊંચું ઘર હોય તો ગાય, ભેંસો હોય. ખેડૂતને ત્યાં તો અનેક ઢોર હોય. વેકેશનમાં આ બધાને ચરવા લઈ જવાની જવાબદારી નવરા પડેલા છોકરાઓ પર રહેતી...!

અમારે પણ બાપ-દાદા વખતની ખેતી હોવાથી ઘેર ગાયો, ભેંસો અને બળદો હતા. પણ અમારું ઘર થોડું પૈસાપાત્ર એટલે ઢોર ચારવા અને ખેતીકામમાં મદદ માટે સાથી રાખેલ હતા. આ કારણે મારે માથે એ જવાબદારી નહોતી આવી. ઘણા મિત્રોને આ સાથી શબ્દમાં સમજણ નહિ પડે એટલે ચોખવટ કરવી પડશે. ઘેર અને ખેતીકામ માટે કાયમી માણસને પગાર આપીને રાખવામાં આવે તેને ગામડાની જૂની ભાષામાં સાથી કહે છે. આખું વરસ તેણે કામ કરવાનું, તેને રોજ ચા, ભોજન, કપડાં, નિયત કરેલ રકમ વગેરે આપવાની જવાબદારી માલિક પર હોય. પહેલાં લગભગ દરેક મોટા ખેડુને ત્યાં એક કે બે સાથી રહેતા. હવે આ રિવાજ જોવા નથી મળતો.

સામાન્ય રીતે તો ગામના ઢોર ચારવાનું કામ ગામના માલધારીઓનું રહેતું. ગામનું સંયુક્ત ધણ અને ખાડુ તેઓ ચરાવતા પણ દુજણા પશુઓ લોકો જાતે ચરાવવાનું પસંદ કરતા.

હરિયાળા વાડી વગડામાં, નાની મોટી ટેકરીઓ પર, પડતર મેદાનો પર, નદી નાળાઓના કિનારે પશુઓ લઈ ફરવાનો લહાવો તો જેણે લીધો હોય એ જાણે...! આ આનંદ ખાતર હું પણ લાકડી કે કુહાડી લઈ મિત્રો સાથે નીકળી પડતો. ઘેર કોઈ રોકટોક હતી નહિ. એ વખતના બાળકોને આજની જેમ હથેળીમાં રાખવાનું ચલણ ત્યારે નહોતું.

એ વખતે વેકેશન અને મામાનું ગામ અભિન્ન પણે જોડાયેલા હતા. સૌરાષ્ટ્રમાં ભીમ અગિયારસનો સમય પણ મોટાભાગે ઉનાળાના વેકેશન સમયે આવતો એટલે મોસાળ જવાનું ચલણ આમ પણ વધારે રહેતું.

મારું ગામ ગીર કાંઠે પણ મામાનું ગામ તો

રીતસર ગીરમાં હતું...! એ સમયનું ચાપરડા ગામ એટલે એકલુંઅટૂલું ગામ હતું. બે મોટી નદીઓની વચ્ચે આવેલ એ ગામ ચોમાસામાં તો સાવ અલગ પડી જતું. એક તરફ સતાધારથી આવતી આંબાજળ નદી તો બીજી તરફ જબરી ગીર નદી ધ્રાફડ, વચ્ચે ગામ. કોઈ પુલ ત્યારે નહોતા, નદીઓમાં પૂર આવે ત્યારે રસ્તા બંધ. પૂર ઉતરે પછી જ અવરજવર થઈ શકે.

અમે ધારીથી મીટરગેજ ટ્રેનમાં બેસીને વિસાવદર જતા. ત્યાંથી કોઈ બસ મળે તો ઠીક નહિતર ચાલીને મામાના ગામ સુધી જવાનું રહેતું...! આને અગવડ કહેવાય એ ખબર ત્યારે નહોતી. બધું સહજ સ્વીકાર્યું હતું. આજે યાદ કરું છું તો સમજાય છે કે જોમથી ધબકતું પ્રકૃતિ સાથે જોડાયેલું એ જીવન હતું.

મારી હિમાલય પોસ્ટસ વાંચી ઘણા મિત્રો આશ્ચર્યથી પૂછતા હોય છે કે તમે આ રીતે દિવસો સુધી કેમ રખડી શકો છો? આ પોસ્ટમાં તેનો જવાબ મળી જશે. હિમાલયના ગામડાઓ, માલધારીઓ સાથે રહેવામાં મને ક્યારેય કોઈ પ્રશ્નો નથી નડતા કે નથી કોઈ તકલીફ પડતી તેનું કારણ મારા ગ્રામ્ય બાળપણનું જીવન છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૬ થી ચાલુ)

તેના આર્થિક તેમજ ભૌતિક વિકાસ સાથે સંબંધ જોડવાનું કાર્ય આપણી શિક્ષણ વ્યવસ્થા કરી શકી નથી તે નરી વાસ્તવિકતા છે. રોજબરોજના જીવનમાં પ્રમાણિકતા, સામાન્ય શિષ્ટાચાર, ચોખ્ખાઈ અને શારીરિક શ્રમનું ગૌરવ માત્ર ચોખલિયા, અવ્યવહારુ આદર્શ નહીં, પણ વ્યક્તિ અને સમાજની આર્થિક તેમજ ભૌતિક વિકાસની વ્યવહારુ પૂર્વશરત છે, એ સમજ આપણા શિક્ષણશાસ્ત્રીઓએ, અને સમાજશાસ્ત્રીઓએ દેશ અને સમાજને આપવી પડશે. જાહેર જીવન અને ખાસ કરીને લોકશાહી પ્રક્રિયામાં અર્થપૂર્ણ ભાગ લેવા માટે ઇતિહાસ, ભૂગોળ અને નાગરિકશાસ્ત્ર જેવા વિષયોનું મહત્ત્વ સમજાવવું પડશે. સાથે-સાથે એ પણ સમજાવવું પડશે કે વિદ્યાર્થી શાળા તેમજ કૉલેજમાં કશુંક મેળવવા આવે છે. અભ્યાસક્રમ ઓછો કરવો, સહેલું પ્રશ્નપત્ર કાઢવું, કે બીજી કોઈક રીતે શિક્ષણના સ્તર સાથે બાંધછોડ કરવી એ વિદ્યાર્થી અને તેના વાલીઓ તેમજ સમગ્ર રાષ્ટ્રએ ખર્ચેલા નાણાંનો વ્યય છે.

ટૂંકમાં, હાલનો શિક્ષણ અંગેનો અભિગમ સમાજ માટે આત્મઘાતી છે. દેશ અને સમાજના સંરક્ષણ, એના ભૌતિક તેમજ સામાજિક વિકાસ માટે શિક્ષણનું વિશેષ મહત્ત્વ છે. **શિક્ષણ માત્ર વિદ્યાર્થી, શિક્ષક કે વાલીઓ અને સરકારને જ સ્પર્શે છે તે અભિગમ બદલવો પડશે.** ઉપરોક્ત વર્ગને ખુશ રાખવા માટે સમગ્ર વ્યવસ્થાના સ્વરૂપમાં અવારનવાર ફેરફારો કરવા તે રાષ્ટ્રહિતમાં અને સમાજના હિતમાં નથી. દરેક જાગૃત નાગરિકે શિક્ષણ વિશે વિચારવું જ રહ્યું, અને જ્યાં પણ શિક્ષણના સ્તર અને વ્યવસ્થા વિષે બાંધછોડ થતી દેખાય, ત્યાં પોતાનો અવાજ ઉઠાવવો જ રહ્યો.

અભણ સરપંચે જગાવી શિક્ષણની ભૂખ

- ડૉ. પ્રવિણ મકવાણા 'ગાફેલ'

કારાકોરમની પહાડીઓના કોરફે ગામમાં સરપંચ હાજી અલીના ઘરે બેઠેલો ગ્રેગ મોરટેન્સન ચાનો બીજો કપ પીતા પીતા ગામમાં શાળા બનાવી આપવાનું વચન આપે છે. બીજા દિવસે ગ્રેગ સ્થાનિક જાણકારો પાસે શાળા બનાવવાના ખર્ચનો અંદાજ લગાવે છે. જે ૧૨૦૦૦ અમેરિકન ડૉલર થાય છે, આટલું કરી એ અમેરિકા જવા રવાના થાય છે. સાંજે એ ફ્લાઇટમાં બેઠેલો હોય છે તો બીજી બાજુ હાજી અલીની પૌત્રી જહાં દાદાને પૂછે છે કે ડૉક્ટર ગ્રેગ પાછા આવશે? કેમ કે અગાઉ પણ આવા વચનો સરકાર તેમજ ઘણા અન્ય લોકો પણ આપી ચૂક્યા છે, પણ કોઈએ પૂરું કર્યું નથી. હાજી અલીના આંખમાં એક વિશ્વાસ હોય છે અને નાનકડી જહાંને કહે છે કે હા બેટા ગ્રેગ જરૂર આવશે પાછો.

ગ્રેગ અમેરિકા આવ્યા બાદ વિચારે છે કે હવે ૧૨૦૦૦ ડૉલર ભેગા કેવી રીતે કરવા. એ સમયે ઇન્ટરનેટનો વ્યાપ અત્યાર જેટલો ન હોવાથી તે સ્થાનિક લાઇબ્રેરીમાંથી અમેરિકાના જાણીતા લોકોના સરનામાં મેળવે છે. આખો દિવસ નોકરી કરે છે સવારે કૉફી બ્રેડ તો સાંજે ૧ ડૉલરના તૈયાર ફૂડ પેકેટથી ચલાવે છે. સાંજે થાકીને આવેલો ગ્રેગ ટાઇપ રાઇટર પર પત્રો લખવા બેસે છે. પણ માંડ ૫-૬ પત્રો લખી શકે છે કેમ કે ટાઇપ રાઇટર પર સ્પીડ આવતી નથી. એમ કરતા કરતા એક દિવસે ગ્રેગ એક પાકિસ્તાની મૂળના કમ્પ્યૂટર વેચાણ કરતા યુવાનને મળે છે. જે ગ્રેગના સેવાભાવી કામ વિશે જાણીને મદદ કરે છે અને પ્રિન્ટર આપીને ટાઇપ કરતા શીખવાડે છે. હવે ગ્રેગ ૫૦૦+ પત્રો લખી જુદા જુદા લોકોને મોકલે છે અને પ્રત્યુત્તરની રાહ જુએ છે.

સમય વિતતો જાય છે પણ ગ્રેગને કોઈ પ્રત્યુત્તર મળતો નથી. એ માનસિક રીતે હારતો જાય છે. આ દરમિયાન ગ્રેગની મમ્મી જેરેના પોતાની પીએચ.ડી. પૂરી કરીને કૉલેજની પ્રિન્સિપાલ બને છે. એક દિવસે મમ્મીના આમંત્રણથી ગ્રેગ તેમની કૉલેજમાં ભાષણ આપવા જાય છે અને ત્યાં પોતે આપેલા વચન અને પૈસાના અભાવની વાત કરે છે. કૉલેજના વિદ્યાર્થીઓ "Pennies for Pakistan" નામનું કેમ્પેઇન ચલાવે છે જેમાં લગભગ ૬૫૦ ડૉલર ભેગા થાય છે. આ ગ્રેગને મળેલું પ્રથમ દાન હતું, પણ હજુ ઘણા ડૉલર ખૂટતા હતા.

પર્વતારોહકોએ બનાવેલા "American Himalaya Foundation" ની એક મિટિંગમાં ગ્રેગને પોતાના એક મિત્ર પાસેથી એક જોરદાર

વ્યક્તિનો રેફરન્સ મળ્યો. જેણે ગ્રેગની પૈસાની તમામ સમસ્યાઓ સોલ્વ કરી દીધી. એમનું નામ હતું જિન હ્યુરની, એ અમેરિકામાં સ્થાયી થયેલો અને સ્વિટ્ઝરલેન્ડમાં જન્મેલો શોધક અને સાહસવીર. જિન હ્યુરની એક કરોડપતિ બિઝનેસમેન અને માથા ફરેલો માણસ હતો જેણે સિલિકોન બેઝ સેમી-કંડક્ટર બનાવ્યું હતું. જિનને આ વિચાર પણ નહાતી વખતે બાથરૂમમાં આવેલો કે જેમ શરીર પર પાણી વહેતું જાય છે અને સતત નવી ધારા માટે જગ્યા થાય છે એમ જો સિલિકોન લિક્વિફાઇડ કરીને કંડક્ટર બનાવવામાં આવે તો એમાં વધુ ડેટા સ્ટોર કરી શકાય. આ વિચારે જીનનું ભાગ્ય બદલી નાખ્યું અને એ કરોડપતિ બની ગયેલો. જિન પણ રોમાંચ ખાતર પર્વતારોહણ કરતો હોવાથી ભૂતકાળમાં હિમાલય પર આવેલો હતો અને બાલ્ટીસ્તાનની સ્થિતિથી વાકેફ હતો. એક વાર તો હિમાલય ટ્રેકિંગ દરમિયાન એની સ્લીપિંગ બેગ ફાટી ગયેલી હોવાથી એણે છાપાથી કવર કરીને કડકડતી ઠંડીમાં રાત પસાર કરેલી. સવારે ઊઠીને વોલ સ્ટ્રીટ જર્નલના તંત્રીને પત્ર લખેલો કે સાહેબ તમારા છાપા સરસ ગરમાવો આપે છે.

એક સાંજે ગ્રેગે જિન હ્યુરનીને ફોન કરીને પોતે આરંભેલા કામ વિશે જણાવ્યું. તો જીને તરત જ ૧૨૦૦૦ ડૉલર આપવાની તૈયારી બતાવી પણ શરત એટલી કે પૈસાનો ખોટો વેડફાટ ના થવો જોઈએ. ગ્રેગ જિન મળેલા પૈસા લઈને પાકિસ્તાન જવા રવાના થયો. ઇસ્લામાબાદ પહોંચીને ત્યાંથી કારાકોરમ જવા નીકળ્યો. રસ્તામાં આવતા શહેરમાંથી બાંધકામ મટેરીયલ પણ લઈ લીધું. કોરફે ગામના પાદરે આવેલી બ્રાલદુ નદીકિનારે પહોંચીને સમાચાર મોકલ્યા અને થોડીવારમાં જોયું તો સામે કાંઠે હાજી અલી અને લગભગ આખું ગામ તેને સત્કારવા આવેલું હતું. ગ્રેગ બ્રાલદું નદીનો કામચલાઉ પુલ પાર કરે છે અને સામે કાંઠે ઊભેલા હાજી અલીને ગળે મળે છે. આખું ગામ ખુશ થઈ જાય છે કે આખરે કોઈએ તો વાયદો પાળ્યો.

દિવસ ઢળતા રાત્રે હાજી અલી, તાહા અલી ગ્રેગ અને ગામના અન્ય વડીલો બેઠા હોય છે ત્યાં અચકાતા અચકાતા ગ્રેને બધા કહે છે કે ડૉક્ટર સાહેબ તમે અમારી માટે ઘણું કર્યું પણ અમારે શાળા પહેલા બ્રાલદુ નદી પર નાનકડો પુલ બને એ વધારે જરૂરી છે, ૬૦ વર્ષ શાળા વગર કાઢ્યા તો ૧ વર્ષ વધારે કાઢવાથી નુકસાન નહિ થાય અને જો પુલ હશે તો સામાન લાવવામાં પણ આસાની રહેશે. ગ્રેગ ખૂબ વિચાર કરે છે અને અંતે સહમત થાય છે. બીજા દિવસે નજીકના ગામોમાં જઈ ત્યાંના પુલોનો અભ્યાસ કરીને કોરફે આવે છે અને પુલ બનાવવાના ખર્ચનો અંદાજ લગાવે છે જે ૨૦૦૦૦ ડૉલર આવે છે.

અમેરિકા પુલના ખર્ચ માટે પાછો આવેલો ગ્રેગ પોતાના પાસે રહેલી લગભગ તમામ

સામગ્રી વેચી દે છે પણ પૈસા ઘણા ખૂટે છે. ફરીથી જિન હ્યુરનીને ફોન કરે છે અને સમસ્યા જણાવે છે. જિન ફરીથી ૨૦૦૦૦ ડૉલરનો ચેક મોકલે છે. જિન હ્યુરની બંને ચેક ખાલી ફોન પર વાત કરીને જ આપી દે છે. તે હજુ ગ્રેગને મળ્યો નથી હોતો. પણ કહે છે કે પુલ અને શાળાના ફોટા લેતો આવજે મળીએ ત્યારે. ગ્રેગ પરત આવીને પુલ બનાવડાવે છે અને એ પછી શાળાનો વારો આવે છે. ધીમે ધીમે ૫ ઓરડા અને ૧ સભાખંડ સાથેની શાળાનું મકાન તૈયાર થઈ જાય છે.

એ દિવસે હાજી અલી ગ્રેગને કહે છે કે સાંજે મારે તમને એક વાત કહેવી છે. આખો દિવસ ગ્રેગને મનમાં મૂંઝવણ થાય છે કે શું કહેવું હશે હાજી અલીને? ઢળતી સાંજે હાજી અલીના ઘરે ખાટલા પર ગ્રેગ બેઠેલો હોય છે ત્યારે હાજી અલી પત્ની સકીના પાસે કુરાન મંગાવી વચ્ચે મૂકે છે અને પછી ચા પીતા પીતા કહે છે કે બેટા આજે પીધેલો આ ત્રીજો ચાનો કપ છે જે આપણને એકબીજા માટે ગમે તે કરી છૂટવા બાંધે છે, જીવ આપી દેવો પડે તો તે પણ.

અમેરિકા પરત આવેલો ગ્રેગ કોરફે ગામમાં બનાવેલી શાળા અને પુલના ફોટાઓ લઈને આજે જિન હ્યુરનીને મળવા તેના ઘેર જાય છે. હ્યુરની પહેલી વખત ગ્રેગને મળીને ખૂબ ખુશ થાય છે. જમતી વખતે ઘણી લાંબી વાતો ચાલે છે. ગ્રેગની વાતોથી પ્રભાવિત થયેલો જિન હ્યુરની કહે છે કે મને ખબર હતી કે અમેરિકામાં બુદ્ધિસ્ટ કે અન્ય ધર્મને માટે પૈસા મળશે પણ મુસ્લિમ દેશમાં શાળાઓ બનાવવા જલ્દી કોઈ પૈસા નહિ આપે એટલે મેં તને સહજતાથી પૈસા આપ્યા હતા. સાથે સાથે જિન સલાહ આપતાં કહે છે કે ચાલો આપણે એક NGO બનાવીએ અને તું એનો પ્રેસિડેન્ટ બને. અમે પૈસા પુરા પાડીશું અને આપણે આ કામ માનવતાને ખાતર અને બાળકોને યોગ્ય શિક્ષણ અને તક મળે તે માટે ચાલુ રાખીએ.

અમુક દિવસો બાદ ઈસ્લામબાદ એરપોર્ટ પર ઉતારેલો ગ્રેગ વિઝિટર ફોર્મમાં સહી કરી રહ્યો હોય છે. પહેલા પાકિસ્તાનની દરેક મુલાકાત વખતે નામની પાછળ પર્વતારોહક શબ્દ લખતો પણ આજે એ President of Centrall Asia Institute, NGO એવું લખે છે. આ NGOનું નામ જિન હ્યુરની એ સૂચવ્યું હોય છે. આજે કારાકોરામ ઘાટના બાલ્ટીસ્તાન પ્રદેશમાં અનેક શાળાઓ, પુલો, હોસ્પિટલો બનાવી છે અને અન્ય ઘણા ચેરિટી કાર્યો CAI, NGO દ્વારા કરવામાં આવ્યા છે. કેટલીકવાર પોતાની સરકાર નાગરિકો માટે જે ના કરી શકે એ વિદેશીઓ આવીને કરી જાય છે એ બાબત ગ્રેગ મોરન્ટેન્સને સાબિત કરી બતાવી.

આટલા વર્ષો બાદ હાજી અલી તો જન્નત નશીન પણ ગ્રેગ અને તાહા તથા આખું કોરફે ગામ એમને યાદ કરે છે. એક અભણ સરપંચે આજે આખી બાલ્ટીસ્તાન ખીણમાં શિક્ષણની જ્યોત જલાવી. જેણે આજે લોકોને ખૂબ ફાયદો કરાવ્યો.

કેળવે એ કેળવણી

- ડી. એચ. અમીન કવિ 'ખામોશ'

આ ફક્ત અને ફક્ત બે શબ્દોની શૃંખલા નથી, પણ કેળવણીનો પવિત્ર ભાવે સ્વીકારાતો આવેલો સાચો અને ઊંડો અર્થ છે. કેળવણી શબ્દ આજે ભણતર/શિક્ષણ/એજ્યુકેશન (Education) જેવા શબ્દોથી પ્રચલિત બન્યો છે.

આનો અર્થ એ થાય છે કે **જે તમામ જીવમાં પડેલ અદ્વિતિય આંતરિક ગુણોને બહાર લાવે, વ્યક્તિત્વનું ઘડતર કરે અને તેને એક સારો માણસ બનાવે, એ જ સાચા અર્થમાં કેળવણી કહી શકાય.** માત્ર અક્ષરજ્ઞાન કે ડિગ્રી ઉપાધિઓ મેળવવી એ ભણતર (લેખન, ગણન વાંચન) હોઈ શકે, પણ 'કેળવણી' વ્યક્તિના સર્વે પાસાંઓનો સર્વાંગી વિકાસ કરે છે. જે કંઈક સવિશેષ છે.

એક સાચા અર્થમાં કેળવણી શું કરી શકે છે એ બાબતે ચિંતન કરીએ તો, કેળવણીનો પ્રથમ ઉદ્દેશ્ય વ્યક્તિના શીલ અને ચારિત્ર્યને શુદ્ધ કરવાનો છે. એટલે કે ચારિત્ર્યનું ઘડતર, જો ભણેલો માણસ વિવેકહીન હોય, તો તેણે મેળવેલ ઉપાધિઓનું શું મૂલ્ય!

દરેક વ્યક્તિમાં કોઈને કોઈ સુષુપ્ત શક્તિ હોય છે. કેળવણી એ શક્તિને ઓળખીને તેને યોગ્ય દિશામાં વહેતી કરે છે. આંતરિક શક્તિઓનો વિકાસ. કેળવણી એટલે બાળકના શરીર, મન અને આત્મામાં રહેલા ઉત્તમોત્તમ અંશોનું જીવાતા જીવન વ્યવહારમાં પ્રગટીકરણ/અમલીકરણ (implementation).

જે કેળવણી આપણને સમાજ, રાજ્ય અને રાષ્ટ્ર પ્રત્યે સજાગ, સ્પષ્ટ અને સંવેદનશીલ બનાવે અને બીજાને મદદરૂપ થવાની પ્રેરણા આપે, તે જ સાચી કેળવણી. તે સ્વાર્થથી ઉપર ઊઠીને પરમાર્થનો માર્ગ બતાવે છે. કેળવણી એટલે જડતાનો ત્યાગ અને નવા વિચારોનો સ્વીકાર. તે માણસને વિચારતા કરે છે અને સત્ય, અસત્ય, શ્રદ્ધા, અંધશ્રદ્ધા વિવિધ પ્રકારની મનમાં સર્જાતી દ્વિધાઓ વચ્ચેનો ભેદ સમજવાની શક્તિ આપે છે. જે કેળવણીની પરબનો પ્યાસી બને એ માનસિક વિચારધારાથી સમૂળગો પરિવર્તનશીલ બને છે.

કાનમાં કહેવું હોય તો એમ કહેવાય કે ભણતર/શિક્ષણ મનને ભરે છે, જ્યારે કેળવણી હૃદયમાં ભાવના ભરે છે. જે અભ્યાસુને સર્વ જીવાર્થે વિચારક કલ્યાણકારી બનાવે, એ જ સાચી કેળવણી. કેળવણી એ મળેલા જીવનને ઘાટ આપવાનું સાચું સાધન છે.

કેળવણી : જે જ્ઞાન આપે છે (Wisdom). તે આત્માને જાગૃત કરે છે, વિવેક અને વિનય તો

(અનુસંધાન પૃષ્ઠ ૩૫ ઉપર)

બાલ ઉછેર : શિસ્તની ચાબુક જરૂરી

- તખુભાઈ સાંડસુર

સમયની સાથે ઘણું બધું બદલાતું રહે છે. ક્યારેક સમય બદલાય છે ને તો વળી સમયની સાથે માણસ પણ બદલાઈ જતો હોય! આજે સમય અને માણસ બધું કેટલો બદલાયેલો છે! તેમાંથી કોઈ પગદંડીને શોધીને સફળ જીવન તરફ પગરણ કરવા પણ પડકારરૂપ બની ગયું છે.

જવાબદારી અને હક બંને એક સાથે ચાલે છે. પરંતુ હકમાં જ્યારે જવાબદારી સભાનતા પૂર્ણ રીતે દેખાતી નથી ત્યારે હક એ બેજવાબદારીમાં પરિણમે છે. આવી ઉદંડતા અનેકના જીવનમાં નર્કાગાર બનીને પ્રવેશી જતી જોઈ છે. તેમાં મૂળભૂત રીતે એ વ્યક્તિને દોષિક માનવાને બદલે આપણે તેના પેરેન્ટ એટલે કે વાલીને વધુ જવાબદાર ગણવા જોઈએ. આપણે નાનપણમાં એક સરસ વાર્તા શીખ્યા હતા. જેમાં એક બાળક શાળામાં ચોરી કરવાના રવાડે ચડે છે. માની મજબૂરી અને ગરીબી તેને સતત પ્રોત્સાહન આપતી રહે છે. એટલી હદ સુધી આ ગુનાહિત વાત વિસ્તરે છે કે આખરે એક કિશોર મોટો થઈને મોટી ઘરફોડ ચોરી કરનારો ચોર બની જાય છે. જ્યારે તેમને સજા થાય છે ત્યારે પોતાની આખરી ઈચ્છા તેની માને મળવાનું દર્શાવે અને જેલનું તંત્ર એની માને બોલાવે છે અને પેલો ચોર માની નજીક જઈને તેના મોઢે બચકું ભરી જાય છે. આ બચકું એમણે ન આપેલા સંસ્કારો અને ક્યારેય નહીં આપેલા ચાબુકના દંડ રૂપે હતું. જીવનની ગાડી જ્યારે આડે પાટે ચડી ગઈ ત્યારે શિસ્તનો ચાબુક તેના ઉપર વિંઝાવો જોઈએ અને તેને ફરી પાછા મુખ્ય પ્રવાહમાં લાવવા માટે મજબૂર થવું પડે તે સ્થિતિનું નિર્માણ થાય તે જરૂરી પણ અહીં આદતો સે મજબૂર નહીં, પરંતુ આદત સે લાચાર તો સહી! બલકે તેનું ચિંતન કરવાની વાતને ધોબી પછાડ મળે છે. તો આ વાર્તા બાળ ઉછેર માટે વાલી કે પાલ્યની જવાબદારી શું છે તેને ઈગીંત કરે છે.

અમેરિકાના ૧૬મા રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકન એક વાલી તરીકે શિક્ષકોને પત્ર લખે છે. તેમાં પોતાના સંતાનોને શું શું શીખવવું તેની વાત ખૂબ વિસ્તારથી તેમણે જણાવેલ છે. સત્યની વાત હોય, હાર-જીત હોય કે પછી સંવેદનાભર્યું વર્તન અમલ કરવાનું હોય, બધું જ શીખવાનું અને છતાં પણ કઠોર બનીને જીવવા શિસ્ત શીકવવાનું લિંકન જણાવે છે. તેમાં પોતાના સંતાનો માટેની ભારોભાર ચિંતા સમાયેલી છે.

આજે દરેકને મર્યાદિત સંતાનો છે. તેની પાસે સાધનો અમર્યાદિત હોય તેવા ખૂબ ઉદારહણ છે. તેથી તે ખાવા-પીવા, ભૌતિક સાધનો, સગવડો વગેરેમાં સંતાનો માટે કોઈ કમી છોડતાં નથી. એ હાલતમાં પાલ્ય તેની કિંમત સમજવાને બદલે

તેનો ઉપયોગ નહીં ઉપભોગ કરે છે. લાડ કરાવવા તે એક વાત છે પણ લાડકાઈ કરાવવી બીજી વાત છે. લાડથી ઉછરેલા ને પાછો વાળી શકાય પણ લાડકાઈથી ચિંતિત થયેલા અધઃપતન પછી જ પાછળ ફરીને જોશે! જેને મા-બાપનું છત્ર નથી તેવા બાળકોનો ઉછેર પણ જોયો છે ત્યાં શૂન્યથી વધું કંઈ દેખાતું ન હોય તેના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે.

આપણે વાલી તરીકે જમણો હાથ વ્હાલથી તેના પર પ્રસરાવતા પણ ડાબો જરૂર પડે શિક્ષા માટે ઊંચો કરતાં શીખવું જરૂરી લાગે છે!

(અનુસંધાન પૃષ્ઠ ૩૩ થી ચાલુ)

એની પ્રથમ શરત છે. સ્વનિર્ભર બની જીવવાની કળા શીખવે છે. આજનાં પ્રૌદ્યોગિકીકરણ/ટેક્નોલૉજી (technology) અને ગળાકાપ સ્પર્ધા કાળમાં નૈતિક મૂલ્યનિષ્ઠ કેળવણીની માંગ છે. માત્ર ગુણ (Marks) લક્ષી શિક્ષણ ભાવિ સુખદ પરિવાર, સમાજ અને રાષ્ટ્ર નિર્માણમાં રખેને નિષ્ફળ જશે!

ચમકારો : કેળવણી એ કોઈ અંતિમ વિરામ સ્થળ નથી. એ તો સતત, સર્વગ્રાહી, સાતત્ય પૂર્ણ પ્રક્રિયા છે. જે શિક્ષણ રૂઢિઓ, માન્યતાઓ, ભેદભાવોથી પર રહી સંભાવથી જીવન જીવવાનું કેળવવામાં નાપાસ થાય એવી, કેળવણીથી હું મારી જાતને આજન્મે અળગી રાખી જીવવાનું પસંદ કરીશ. -'ખામોશ'

(અનુસંધાન પૃષ્ઠ ૮ થી ચાલુ)

પગે ઊભા રહી તેમની સારવાર કરતા. તેમની સાથે જમવા બેસી જતા. બાળકો સાથે રમતા અને ક્યારેક ગીતો ગાવામાં પણ તેમની સાથે જોડાતા. તેઓ બાળકોના સાચા અર્થમાં હામી હતા. આમાં તેમના ભણતર-ઘડતરમાં શાંતાતાઈનો ફાળો બહુ મૂલ્યવાન હતો. આ સાથે સંસ્થાના શૈક્ષણિક અને વહીવટીકાર્યમાં તેમની સૂઝ ખૂબ ઊંડી હતી. તેમની હકારાત્મક દૃષ્ટિ અને સરળ સ્વભાવ સંસ્થા માટે ઘણો ઉપયોગી સાબિત થયો હતો. બાળકના જીવન ઘડતરમાં તેમણે આપેલું યોગદાન બહુ જ ઉપયોગી અને મૂલ્યવાન સાબિત થયું છે.

શ્રી નાગજીભાઈ દેસાઈના કાર્યોની વિકાસયાત્રાએ તેમના પ્રતિભાને ઉજળું કરી બતાવ્યું છે. તેમની નેતૃત્વ શક્તિએ સંસ્થાને જીવંત રાખી નવું સ્વરૂપ આપ્યું છે. બાળકોના ભણતર-ઘડતર, આહાર-વિહાર, તેમની આર્થિક સ્થિતિ આવી અનેક બાબતનું તેમણે પૂરું ધ્યાન આપ્યું છે. વળી તેમણે સ્થાપેલી સંસ્થા પછાત, અનાથ, નિરાધાર વિદ્યાર્થીઓનું પૂરતું ધ્યાન રાખી, તેમના વિકાસમાં સક્રિય રહે છે. તેમના કાર્યો, આદર્શો અને શિક્ષણ માટેની તેમની નિષ્ઠા તેમજ કટિબદ્ધતા શિક્ષણ જગત માટે પ્રેરણારૂપ રહી છે.

તેમણે સ્થાપેલી સંસ્થામાં વિવિધલક્ષી વિષયના શિક્ષણની સાથે સુંદર ગૌશાળા, છાત્રાલયની સુવિધા, આદર્શ ખેતી દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓથી શૈક્ષણિક વાતાવરણ સદા ધબકતું રહે છે.

આવી કર્મઠ શિક્ષક દંપતીને અનેકાનેક વંદન.

ભગવાનની લીલા!...

- ડૉ. આઈ. કે. વીજળીવાળા

૧૯૭૨નો જૂન મહિનો હતો. પરમ પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજની કથા પૂરજોશમાં શરૂ હતી. ગુરુકુલ હાઈસ્કૂલ, સોનગઢના વિશાળ મેદાનમાં ઊભા કરાયેલ ભવ્ય શામિયાણામાં કથાનું આયોજન કરાયું હતું.

આજુબાજુના કંઈ કેટલાંય ગામોમાંથી લાખોની મેદની ઊમટતી. એને પહોંચી વળવા માટે ગુજરાત એસ.ટી.એ ખાસ બસોની વ્યવસ્થા કરવી પડી હતી. એ લાખો લોકો વચ્ચે પૂજ્ય ડોંગરેજી મહારાજ ભાવવિભોર થઈ અશ્રુધારા સાથે લાલાના જન્મની કે બાળલીલાઓની વાતો કહેતા, ત્યારે છાપાં વેચતાં વેચતાં બે ક્ષણ માટે હું પણ ઊભો રહી જતો. એ વખતે મારી ઉંમર હતી બાર વરસની. મહાભારત, શ્રીમદ્ ભાગવત તેમજ ભગવાન શ્રીકૃષ્ણ વિશે ઘણું બધું વાંચી લીધું હોવાના કારણે દરેક પ્રસંગ ફરીથી સાંભળવાની કંઈ ઓર જ મજા આવતી.

મારા બાપુજીને છાપાં વેચવાનો વ્યવસાય હતો. જૂન મહિનાની શરૂઆતના દિવસોમાં હજુ વેકેશન ચાલતું હોવાથી અમે ત્રણ ભાઈ - બહેન કથાના સમય પહેલાં અને મધ્યાંતર વખતે ત્યાં છાપાં વેચતાં. લાખો શ્રોતાઓ આવતા એટલે છાપાની ઘરાકી પણ સારી રહેતી. એના કારણે અમે જેટલાં છાપાં મંગાવતા એના કરતાં પણ વધારે છાપાંની માગ રહેતી. પરંતુ બાપુજીની આર્થિક પરિસ્થિતિ એટલી બધી નબળી હતી કે છાપાંની વધારે નકલો મંગાવવાની હિંમત તો બાજુમાં, ઈચ્છા પણ એ કરી શકે તેમ નહોતા. આટલા બધા માણસોમાં વધારે નકલોનો વેપાર વધારે પૈસા રળી આપે એ વાત સ્પષ્ટ હોવા છતાં વધુ નકલ મંગાવતાં એમનો જીવ નહોતો ચાલતો.

એમને જાણે કે ખાતરી હતી કે કમાણીના એ પૈસા દેવું ચૂકવવામાં જ જતા રહેશે અને બિલ ચૂકવતી વેળાએ મુશ્કેલીનો પાર નહીં રહે. વધારે નકલોનું બિલ કઈ રીતે ચૂકવી શકીશું એવી બીકથી જ તેઓ વધારે નકલ નહોતા મંગાવતા. ખૂબ માંગ હોવા છતાં રોજ એ મન મારીને બેઠા રહેતા.

'મારો લાલો! બધાને મદદ કરવા તત્પર હોય છે! એની લીલા અપાર છે.' પૂજ્ય ડોંગરેજી મહારાજ રડતાં રડતાં ભગવાન કૃષ્ણની વાત કરતા હતા. લોકો આકંઠ એનો આસ્વાદ માણી રહ્યા હતા. હું પણ છાપાંની થપ્પી બગલમાં દબાવીને મંડપના એક થાંભલા પાસે ઊભો રહી પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજના એ શબ્દો સાંભળી રહ્યો હતો.

ખબર નહીં કેમ પણ 'મારો લાલો! બધાને મદદ કરવા તત્પર હોય છે!' એ શબ્દો મારા મનમાં જાણે કે કોતરાઈ ગયા હતા. કથાનો મધ્યાંતર થતાં જ વિચારોમાંથી બહાર આવી મેં પૂરી મહેનત અને લગનથી છાપાં વેચવાનું શરૂ કરી દીધું.

કથાના ત્રીજા દિવસે વહેલી સવારે રાજકોટથી છાપાં લઈને આવતી ટેક્સીના ડ્રાઇવરે મારા બાપુજીને ઉઠાડ્યા. મારા બાપુજી તેમ જ ઘરના બધાને નવાઈ લાગી. કારણ કે સવારનાં છાપાંનું નાનકડું પાર્સલ તો એ ટેક્સીડ્રાઇવર ચાલુ ટેક્સીએ ફેંકીને જ કાયમ નીકળી જતો. આજે એ ઉઠાડવા માટે આવ્યો એ અમારા માટે નવાઈની વાત જ હતી. મારાં બા-બાપુજીએ એની સાથે જઈને જોયું તો મોટાં મોટાં પાંચેક બંડલ ટેક્સીમાંથી ઉતારીને એણે રોડની બાજુમાં મૂકેલાં. એના ગયા પછી સારી એવી મહેનતથી અમે એ પાર્સલ્સને ઘરે ફેરવ્યાં. પાર્સલ ખોલીને જોયું તો તેમાં પૂજ્ય ડોંગરેજી મહારાજના વચનામૃતનો 'પરમાર્થ' નામના મેગેઝિનનો વિશેષાંક હતો.

એક રૂપિયાની એક એવી પૂરી પાંચસો નકલ 'જયહિંદ' નામના દૈનિકના માલિકશ્રી તરફથી મોકલવામાં આવી હતી. અમને સૌને નવાઈ લાગી. બાપુજીએ આ નકલો મંગાવી તો નહોતી છતાં પ્રેસમાંથી કેમ મોકલાઈ હશે? અને મોકલાવાઈ છે તો પછી બિલ પણ ભરવું પડશે એની ચિંતા પણ ઊભી થઈ. બાપુજીએ એ જ વખતે જયહિંદ પ્રેસના તંત્રીશ્રી પર કાગળ લખ્યો કે 'હાલ નાણાંની સગવડ ન હોવાથી આ નકલો પાછી મોકલે કે કેમ?' અને એ કાગળ વળતી ટેક્સીમાં આપી દીધો. એ દિવસ અમે અવઢવમાં જ પસાર કર્યો. એ દિવસે 'પરમાર્થ'નું વેચાણ ન કર્યું. બીજા દિવસે પેલા ટેક્સીવાળાએ ફરીથી બાપુજીને જગાડીને જવાબી કવર આપ્યું. એમાં લખ્યું હતું કે હાલ બિલની જરાપણ ચિંતા કર્યા વિના 'પરમાર્થ'નું વેચાણ શરૂ કરી દેવું.

અમને સૌને તો જાણે લોટરી લાગી ગઈ હોય તેવો આનંદ થયો. છાપાંની કિંમત એ સમયે પચીસ પૈસા હતી. એવે વખતે 'પરમાર્થ' વેચી રોકડો રૂપિયો લેતાં અતિ આનંદ આવતો. અમે ત્રણે ભાઈ-બહેન બમણા ઉત્સાહથી કામ કરવા માંડ્યાં. સાતમા દિવસે કથા પૂરી થઈ અને એની સાથોસાથ 'પરમાર્થ' મેગેઝિનની પાંચસો નકલ પણ પૂરી થઈ ગઈ. ઘરમાં એક ખુશીનું મોજું ફરી વળ્યું હતું. ખૂબ જ સારો ધંધો અને નફો થયાનો એક અદ્‌ભુત સંતોષ ઘરમાં દરેકનાં મોં પર દેખાતો હતો. સાત જ દિવસમાં પાંચસો રૂપિયાનો વેપાર આ પહેલાં મારા બાપુજીએ ક્યારેય કર્યો હોય તેવું મને યાદ નથી.

એ જ વરસે મારી મોટી બહેને એસ.એસ.સી.નું વર્ષ પાસ કર્યું અને સણોસરા પી.ટી.સી. કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. કુદરતે જાણે એના અભ્યાસ માટે જ આ બધા તાણાવાણા ગોઠવ્યા હોય તેવું લાગતું હતું. જો

આટલા બધા પૈસા એક સાથે ન આવત તો મોટીબહેનને ભણાવવાનું સપનું જોવાની પણ અમે હિંમત ન કરી શક્યા હોત. મોટીબહેનના આગળ અભ્યાસ માટેના દરવાજા તો ખૂલી ગયા, પરંતુ બાપુજીના મોઢા પરના હાસ્યના દરવાજા ધીમે ધીમે બિડાતા જતા હોય તેવું લાગતું હતું. 'પરમાર્થ'નું બિલ ભરવાની મૂંઝવણ એમના મોં પર સ્પષ્ટ જણાઈ આવતી હતી. એ મહિનો પૂરો થયો.

જયહિંદ દૈનિકનું બિલ આવ્યું ત્યારે અમારા બધાનાં હૃદય જોર જોરથી ધડકતાં હતાં. ગભરાતાં ગભરાતાં બાપુજીએ બિલનું કવર ખોલ્યું અને એમની આંખો પહોળી થઈ ગઈ. એ કવરમાં ફક્ત રૂટિન નકલોનું જ બિલ હતું. 'પરમાર્થ'ની પાંચસો નકલનું બિલ જ નહોતું. પ્રેસ કાર્યાલયની ભૂલના કારણે એ બિલ કદાચ મોકલવાનું જ રહી ગયું હશે. એમ માની બાપુજીએ રાજકોટ પ્રેસને કાગળ લખ્યો. જવાબ આવ્યો કે, 'ચિંતા ન કરશો. બિલ પછી લઈ લઈશું.' અમારા સૌ માટે તો આ જવાબ રેશનિંગમાં મળતી રાહત સામગ્રી જેવો હતો.

પરંતુ એ પછી મહિનાઓ વીતી ગયા. મારા બાપુજી વારંવાર બાકી બિલ અંગે કાગળ લખતા અને જયહિંદ દૈનિકના દરિયાદિલ શેઠશ્રી 'પછી લઈ લઈશું!' એવો જ જવાબ આપતા. અત્યંત કપરા આર્થિક સંજોગોમાંથી પસાર થતાં અમે સૌ એમના આવા જવાબથી ખૂબ જ રાહત અને શાતા અનુભવતા. રણમાં ભૂલા પડેલા તરસ્યા અને ત્રસ્ત મુસાફરને કોઈ પોતાની પાસેની ઠંડા પાણીથી ભરેલ મશક આપી દે એવી અનુભૂતિ જયહિંદ દૈનિકના શેઠશ્રીના જવાબથી થતી. એમના બાકી પૈસા પાછા ન આપવાનો અમારો કોઈ જ ઇરાદો નહોતો. એટલે જ તો બાપુજી વારંવાર 'પરમાર્થ'ની પાંચસો નકલના બાકી બિલ અંગે પૂછતાછ કર્યા કરતા. બે વરસ એમ જ પસાર થઈ ગયા. એ દરમિયાન મારી મોટીબહેનનું પીટીસી પૂરું થઈ ગયું અને એમને શિક્ષિકા તરીકેની નોકરી પણ મળી ગઈ. એ વખતે પણ બાપુજીએ જયહિંદ પ્રેસને બાકી બિલ અંગે કાગળ લખ્યો. ફરીથી જવાબ આવ્યો કે, 'પછી લઈ લઈશું!'

વરસો વીતતાં ગયાં. હું બાળરોગ નિષ્ણાત થઈને ૧૯૮૭માં ઘરે પાછો આવ્યો. એ પછી પ્રથમ કામ બાપુજીને છાપાંનો વ્યવસાય બંધ કરાવવાનું કર્યું. દરેક છાપાના તંત્રીશ્રીનો આભાર માનતો પત્ર લખ્યો અને લખ્યું કે, 'હવે પછી મારા બાપુજી છાપાંનો વ્યવસાય બંધ કરી રહ્યા છે. એટલે અમારી પાસે બાકી લેણી કંઈ પણ રકમ નીકળતી હોય તો બિલ મોકલવા વિનંતી.' આ કાગળ મળતાં જ બધાએ બાકીના બિલનો આંકડો જણાવી લેણી રકમ ઉઘરાવી લીધી. પરંતુ જયહિંદ દૈનિક તરફથી 'તમારું બધું જ ચૂકતે છે!' એવો જવાબ આવ્યો. માથા પર કોઈનું ઋણ ક્યારેય ન રાખવું એવું હંમેશાં દૃઢપણે માનતા

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

વાંચ્યું અને વહેંચ્યું (પુસ્તક પરિચય)

- હેતલ મહેતા

પુસ્તકનું નામ : ગાંઠ છૂટ્યાની વેળા
લેખિકા : વર્ષા અડાલજા
પ્રકાશક : આર. આર. શેઠ એન્ડ કંપની
પૃષ્ઠ સંખ્યા : ૨૦૬
કિંમત : ૨૨૫

જાણીતાં લેખિકા વર્ષા અડાલજા લિખિતિ આ પુસ્તક સત્ય ઘટના પર આધારિત છે. આદિવાસીઓ માટે જેમણે આજીવન સેવાની ધૂણી ધખાવી રાખી એવા સ્વ. શ્રી ચુનીલાલ મહારાજના જીવનને આવરી લેતી સત્ય વાર્તાઓ છે. જોકે, વાર્તાઓમાં તેમને માધવલાલ નામ આપવામાં આવ્યું છે.

ખરેખર સેવા શું છે? શિક્ષણ શું છે? માનવતા શું છે? જીવનનો ઉદ્દેશ શું છે? જીવનની સાચી જરૂરિયાતો શું છે? તે દરેક પ્રશ્નોના જવાબ આ પુસ્તકમાંથી મળી રહેશે. જેની પાસે શિક્ષણ નથી એ તો શિક્ષણનું મહત્ત્વ જાણતાં નથી, પરંતુ જેની પાસે શિક્ષણ છે, સત્તા છે, અધિકારો છે તે શું પોતાનાં કાર્યો યોગ્ય રીતે કરે છે? પોતાનાં કાર્યોને વફાદાર છે? 'હોતી હૈ ને ચલતી હૈ' વાળા સમાજમાં શું આપણે હંમેશાં ચૂપ બેઠા રહેવાનું! શિક્ષિત થઈને અન્યાય જોયા કરવાનો? જો તમે એવું માનતા હો કે ના...તો આ પુસ્તક આપના માટે છે.

મુંબઈ જેવા મહાનગરમાં પોતાની મહેનતથી આગળ વધેલા એક પુત્રની બધી સંપત્તિ તેના પિતા પોતાના હસ્તક કરી લે છે. પુત્રને સંપત્તિમાં કોઈ રસ નથી. રસ છે; તો માત્ર સેવામાં. લાચાર, ગરીબ, દુઃખી, ઉચ્ચ સમાજથી કચડાતાં એ ભોળા ચહેરાઓની સેવામાં. માના કહેવાથી તે પત્ની અને બાળકોને લઈને મહુવા આવી જાય છે. ત્યાં પત્ની અને બાળકોને મૂકી પોતે કચ્છના અંતરિયાળ ગામડાંઓમાં તેમના વિકાસ અર્થે એક ગામથી બીજે ગામ ભટકે જાય છે, લોકોને જાગ્રત કરતો જાય છે. મૂળે બ્રાહ્મણ એવા તેના પેટના ચાર સંતાન છે ને એક હરિજનના બાળકને પોતાનું માની મોટું કરે છે. એક મુસલમાનના બાળકને પણ યોગ્ય ન્યાય મળી રહે તેવાં કાર્યો કરે છે. નાનપણમાં થયેલી સગાઈથી એક પત્ની મૃત્યુ પામેલી. પછી બીજી પત્ની ચાર સંતાનો મૂકી સ્વર્ગે સીધાવી. તેનું નામ વનિતા. ત્યારબાદ મિત્રોના કહેવાથી તેનું ત્રીજું લગ્ન થાય છે. તેનો ઉદ્દેશ તો સંતાનો સચવાઈ રહે એ જ હોય છે. ત્રીજી પત્ની અને સંતાનોને લઈને ગુજરાત અને મધ્યપ્રદેશની સરહદે આવેલા કઠ્ઠિવાડા પ્રદેશમાં સેવાની ધૂણી ધખાવા ઊપડી જાય છે.

આ વિસ્તાર એટલે જંગલ. આદિવાસીઓનાં

(અનુસંધાન પૃષ્ઠ ૨૪ ઉપર)

શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

તંત્રી નોંધ : ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

ધોરણ-૯ થી ૧૨ની શાળાઓએ વેલનેસ ટીમ રચવી પડશે. કાઉન્સિલર રાખવા પડશે :

સુપ્રીમ કોર્ટનો ચુકાદો અને તેને આધીન કેન્દ્ર સરકારના આદેશ (ઑફિસ મેમોરેન્ડમ) મુજબ રાજ્ય સરકારે શાળાઓમાં વિદ્યાર્થીઓને તણાવમુક્ત રાખવા અને આત્મહત્યા નિવારણ માટે જરૂરી માર્ગદર્શિકા-ગાઈડ લાઈન સાથેનો ઠરાવ પસાર કર્યો છે. જે મુજબ ધોરણ-૯ થી ૧૨ની રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ ફરજિયાત વેલનેસ ટીમની રચના કરવી પડશે. ૧૦૦-સો-કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાએ ફરજિયાત કાઉન્સિલર નીમવા પડશે.

શાળા હૉસ્ટેલમાં ટેમ્પર-પ્રૂફ સીલિંગ ફેન લગાવવા પડશે :

સરકારની ગાઈડ લાઈન મુજબ શાળાઓ ખાલી વર્ગો, એકાંત વિસ્તારો તથા અન્ય સંવેદનશીલ વિસ્તારોને અનધિકૃત પ્રવેશ માટે બંધ રાખવાના રહેશે. હૉસ્ટેલની સુવિધા ધરાવતી શાળાઓએ ટેમ્પર-પ્રૂફ સીલિંગ ફેન લગાવવાના રહેશે. અગાસી, બાલ્કની તથા અન્ય ઉચ્ચ જોખમી વિસ્તારોમાં પ્રવેશ નિયંત્રિત કરવાના રહેશે. શાળાઓમાં નશીલા પદાર્થો, હાનિકારક તત્ત્વોથી મુક્ત - સ્વાસ્થ્યપ્રદ વાતાવરણની જાળવણી કરવાની રહેશે.

સંસ્કૃતના વિદ્યાર્થીઓએ ઈન્ટર્નશિપ દરમિયાન ૨૦ લાખ હસ્તપ્રતો શોધી :

ભારતની પ્રાચીન બૌદ્ધિક સમૃદ્ધિને સુરક્ષિત રાખી ડિજિટલ યુગમાં નવી પેઢી સુધી પહોંચાડવાનું કામ ભારત સરકારના જ્ઞાન ભારતમ્ મિશન દ્વારા જે ચાલી રહ્યું છે, તે કાર્યને ગુજરાતમાં વિદ્યાર્થીઓની મદદથી આગળ વધારવાનો પ્રયાસ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કરવામાં આવ્યો છે. સોમનાથની સંસ્કૃત યુનિવર્સિટીના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓની ઈન્ટર્નશિપ દરમિયાન અંદાજે ૨૦ - વીસ લાખ જેટલી હસ્તપ્રતોની ઓળખ મળી છે. જેમાં ૫૦૦ વર્ષ જૂના પૌરાણિક ભાગવત અને ઉર્દૂ ભાષામાં લખાયેલા રામાયણના દુર્લભ ગ્રંથો સહિતનું સાહિત્ય મળી આવ્યું છે. એવું અકાદમીના સૂત્રોએ જણાવ્યું છે.

આમાં પાલિતાણામાં ૩૫૦૦૦, જામનગરના ખીજડા મંદિરમાં ૫૨૦૦ અને દ્વારકાની શારદાપીઠમાં દુર્લભ ૨૦૦ હસ્તપ્રતો ડિજિટલાઈઝડ થશે. વળી, ગાંધીનગર નજીક કોબામાં શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં ૩ લાખ જેટલી હસ્તપ્રતો અને શંખેશ્વરના જૈન તીર્થ સ્થાનમાં ૧ એક લાખ હસ્તપ્રતો સચવાઈ હોવાનું જાણવા મળ્યું છે.

મુખ્યત્વે હાથ બનાવટના દેશી કાગળમાં આ હસ્તપ્રતો લખવામાં આવી છે. એ સમયે શણ, કપાસ કે વાંસના રેસાઓનો ઉપયોગ કરીને હાથ કાગળ બનાવવામાં આવતો હતો. જે વર્ષો સુધી સુરક્ષિત રહેતો હતો. આ ઉપરાંત ભોજપત્રો અને તાડપત્રોમાં પણ હસ્તપ્રતો લખાયેલી છે.

પીજી નીટ પરિણામ : ગુજરાતના છ વિદ્યાર્થીઓ દેશના ટોપ ૧૦૦ રેન્કમાં :

નેશનલ બોર્ડ ઑફ એક્ઝામિનેશન દ્વારા તારીખ ૩૦-૦૮-૨૦૨૬ના રોજ લેવાયેલી પીજી નીટનું પરિણામ જાહેર થયું. જે ગયા વર્ષની સરખામણીએ નબળું કહી શકાય તેવું રહ્યું છે. વિદ્યાર્થીઓ વધવા છતાં કટ ઑફ નીચે ગયો છે. આ વર્ષે પીજી નીટમાં પાંચ ટકાથી પણ ઓછા વિદ્યાર્થીને ૫૦૦થી વધુ સ્કોર છે. જ્યારે ૮૬ હજારથી વધુ વિદ્યાર્થીને ૭૨૦માંથી ૨૦૦થી પણ ઓછા માર્કસ આવ્યા છે. ગુજરાતમાંથી ૧૫ હજારથી વધુ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. ગુજરાતના છ વિદ્યાર્થીએ દેશના ટોપ ૧૦૦ રેન્કમાં સ્થાન મેળવ્યું છે. જેમાં ટોપ-૩૦માં અમદાવાદના બે વિદ્યાર્થી છે. આ છ ટોપર્સમાં ચાર વિદ્યાર્થી સરકારી મેડીકલ કૉલેજના અને બે વિદ્યાર્થી સરકારી સોસાયટી સંચાલિત ખાનગી કૉલેજોના છે.

ગુજરાતના ટોપ ૧૦ ટોપર્સ

ક્રમ	વિદ્યાર્થી	રેન્ક
૧	હિષા ભણસાલી	૨૫
૨	વેદ અંબાણી	૩૦
૩	નંદિની લાલવાણી	૩૯
૪	હેત શાહ	૮૪
૫	હિનલ પટેલ	૮૯
૬	જમિલા મુસ્તુફા	૯૯
૭	યશ રતવાની	૧૦૬
૮	રાકેશ જાની	૧૩૮
૯	અક્ષર ચુગ	૧૫૬
૧૦	દેવ પૂજારા	૧૮૫

શામળાજીની કૉલેજમાં સ્વયંશિક્ષણદિન ઉજવાયો :

અરવલ્લી જિલ્લાના રમણીય યાત્રાધામ શામળાજીમાં તા.૯-૯-૨૦૨૬ના રોજ શ્રી કે. આર. કટારા આર્ટસ્ કૉલેજમાં ''ઉચ્ચ સ્વયં શિક્ષણદિન'' ઉજવાયો. ૨૭૭ જેટલા વિદ્યાર્થી

ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક આ ઉજવણીમાં ભાગ લીધો હતો : તેમજ અધ્યાપન કરાવ્યું હતું. આર્ટસ કૉલેજના દીર્ઘદૃષ્ટા પ્રાચાર્ય ડૉ. અજય કે. પટેલના માર્ગદર્શનમાં યોજાયેલ પ્રસ્તુત શિક્ષણ દિનના સંદર્ભે છાત્ર-છાત્રાઓએ પોતાના શિક્ષકદિનના અનુભવોને વર્ણવ્યા હતા. તેવું સંયોજક પ્રા.ડૉ. એમ.એમ.વ્યાસે જણાવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રા. ડૉ. રવીન્દ્ર પરમાર અને પ્રા. ડૉ. રણધીર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. સહુ કર્મચારી મિત્રોના સહયોગને લીધે કાર્યક્રમ સફળ રહ્યો હતો.

સાર્થક સ્કૂલ અમદાવાદમાં ''બાળરંજન રંગારંગ'' કાર્યક્રમ યોજવામાં આવ્યો :

ગુજરાતી સાહિત્ય પરિષદ અને સાંદિપની સાહિત્ય પર્વના સંયુક્ત ઉપક્રમે ''બાળરંજન રંગારંગ'' કાર્યક્રમ જાણીતા બાળ સાહિત્યકાર શ્રી મણિલાલ શ્રીમાળી - 'મિલન' દ્વારા તારીખ ૧૨-૯-૨૦૨૬ને શનિવારે સાર્થક સ્કૂલ ઘાટલોડિયામાં બાળકો સાથે બાળવાર્તા, બાળગીતો, ઉખાણા તથા જોડકણાં કહીને તેમજ સામાન્ય જ્ઞાનની માહિતી આપીને બાળકોને મોજ કરાવી હતી. શાળાના સર્વ કર્મચારીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમ સર્વાંગ સફળ રહ્યો હતો.

(અનુસંધાન પૃષ્ઠ ૩૮ થી ચાલુ)

મારા બાપુજી વ્યક્તિગત રીતે જયહિંદ દૈનિકના શેઠશ્રીને મળવા રાજકોટ ગયા.

બીજા દિવસે સવારમાં આવતી છાપાંની ટેક્સીમાં જ એ પાછા આવ્યા. શેઠશ્રીએ શું કહ્યું એવા અમારા પ્રશ્નના જવાબમાં બાપુજીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એ કંઈ બોલી શક્યા નહિ. થોડીવાર પછી થોડા સ્વસ્થ થયા અને કહ્યું, 'એ શેઠ તો દાતાર નીકળ્યા! મને કહે કે ગાંડા, આટલા બધા વરસે આવી ચિંતાઓ કાંઈ કરવાની હોય? પંદર વરસ પછી તું અહીં એ અંગે પૂછવા આવ્યો એ તારી નેકી માટે તને અભિનંદન આપું છું. પરંતુ એ પૈસા તો તારે હવે ચૂકતે જ ગણવાના! તને અને તારા પરિવારને મારા તરફથી એ ભેટ ગણજે.

હવે જયહિંદ કાર્યાલય તારી પાસે એક પણ પૈસો માગતું નથી. તારે જયહિંદને એક પણ પૈસો ચૂકવવાનો નથી!'' બાપુજી આગળ કંઈ પણ બોલી ન શક્યા. અમે લોકો પણ નિઃશબ્દ બની ગયાં. બરાબર એ જ વખતે મને પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજના શબ્દો યાદ આવ્યા કે, ''મારો લાલો! બધાને મદદ કરવા તત્પર હોય છે! એની લીલા તો અપાર છે!'

કેટકેટલા સ્વરૂપે એ ધરતી પર આવતો હશે, નહીં? આવા કોઈ શેઠના રૂપમાં પણ....

સરસ્વતી વિદ્યામંડળ સરસપુર કેમ્પસમાં વર્ષ ૨૦૨૬ના એસ.વી.એસ. કક્ષાના વિજ્ઞાનમેળાનું સુંદર અને સફળ આયોજન કરવામાં આવ્યું. જેમાં વિવિધ શાળાઓના બાળ વૈજ્ઞાનિકો દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો અને વિવિધ વિષય પર સુંદર પ્રોજેક્ટ દર્શાવવામાં આવ્યા.










ઘરશાળા
નવેમ્બર-૨૦૨૬

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted on Post at Ahmedabad Unaccountable L1 on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2022-2024 Valid upto 31st December 2024 (Applied Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : ૩. ૨૦/- ● વાર્ષિક લવાજમ : ૩. ૨૨૫/-

જેન-ઝી અને મુ. શ્રી હરભાઈ ત્રિવેદી



જન્મ :૧૪ નવેમ્બર ૧૮૯૧

હવેનો યુગ, પ્રશ્ન ઉપસ્થિત કરનાર યુગ હશે, માટે પ્રશ્નોને દબાવી દેવાથી વિદ્યાર્થીઓનું માનસ બળવાખોર ન બને એની કાળજી રાખવી પડશે. વિદ્યાર્થીના મગજમાં કાંતિના બીજ ભલે રોપાય, પણ બળવાના બીજ ન રોપાય. કાંતિ નવસર્જન લાવશે. બળવો ખતરનાક હશે.

આજીવન શિક્ષક મુ. શ્રી. જશીબેન નાયક

શિક્ષક તરીકે એવા નાગરિકો તૈયાર કરવા અમે જીવનભર પ્રેમથી અને શોખથી શિક્ષક રહ્યા છીએ. શિક્ષકના વ્યવસાયમાં ગૌરવ અનુભવ્યું છે, અને આત્મસંતોષ અનુભવ્યો છે.



જન્મ : ૧૮ નવેમ્બર ૧૯૧૮

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ મુદ્રક : મહેન્દ્રકુમાર મોહનલાલ ઠક્કર, ધર્મેશ પ્રિન્ટોરીયમ, એ-બ્લોક, રશિયન બેકરીની બાજુમાં, દુધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪ દ્વારા છપાવી પ્રકાશિત કર્યું.